
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૬ * અંક-૧૦ * જૂન, ૨૦૨૨



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● અહીં સોમ નામના રાજશ્રેષ્ઠી પ્રશ્ન કરે છે : હે ભગવાન ! કેવળજ્ઞાનના અનંતમાં ભાગપ્રમાણ આકાશદ્રવ્ય છે, તેના પણ અનંતમાં ભાગમાં સૌની વચ્ચે લોકાકાશ છે અને તે અનાદિનિધન છે. કોઈ પણ વિશિષ્ટ પુરુષ વડે કરાયો નથી, નષ્ટ થતો નથી. ધારણ કરવામાં આવતો નથી કે રક્ષાતો નથી, વળી તે અસંખ્યાત પ્રદેશોવાળો છે. તે અસંખ્યાતપ્રદેશી લોકમાં અનંત જીવો, તેના કરતા પણ અનંતગુણા પુદ્‌ગલો, લોકાકાશપ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્યો, પ્રત્યેક લોકાકાશપ્રમાણ એવા ધર્મ અને અધર્મ બે દ્રવ્યો—એ પદાર્થો કેવી રીતે અવકાશ મેળવે છે ?

ભગવાન ઉત્તર આપે છે :—એક દીપકના પ્રકાશમાં અનેક દીપકોનો પ્રકાશ, એક ગૂઢ રસના શીશામાં ઘણું સુવર્ણ, રાખથી ભરેલા ઘડામાં સોય તથા ઊંટડીનું દૂધ જેમ સમાઈ જાય છે—ઇત્યાદિ દૃષ્ટાંતે વિશિષ્ટ અવગાહનશક્તિને લીધે અસંખ્યપ્રદેશવાળા લોકમાં પણ પૂર્વોક્ત પદાર્થોના અવગાહમાં વિરોધ આવતો નથી. ૧૯૪૩.

(શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્‌દ્રવ્યસંગ્રહ, ગાથા-૨૦ની ટીકામાંથી)

● કોઈ કહે કે સંસાર અનંત છે તે કેમ મટે ? તેનું સમાધાન—વાંદરાનું ફસાવું એટલું જ છે કે મુઠ્ઠી છોડતો નથી. પોપટનું ફસાવું એટલું જ છે કે નળીને છોડતો નથી. કૂતરાનું ફસાવું એટલું જ છે કે તે ભસે છે. કોઈ ત્રણ વાંકવાળી દોરડીમાં સર્પ માને છે ત્યાં સુધી જ તેને ભય છે. મૃગ, મૃગજળમાં જળ માનીને દોડે છે, તેથી જ દુઃખી છે. તેમ આત્મા પરને પોતારૂપ માને છે, એટલો જ સંસાર છે, ન માને તો મુક્ત જ છે. ૧૯૪૪.

(શ્રી દીપચંદજી, ચિદ્‌વિલાસ, પાનું-૧૦૬)

● જિનેશ્વર દેવ ! મને સમાધિ આપો, બોધિ આપો ઇત્યાદિ વચન સત્ય નથી અને અસત્ય પણ નથી, કારણ કે આ વચન ભક્તગણ ભક્તિથી જિનેશ્વર પ્રતિ બોલે છે તેથી આ ભક્તિ-વચન છે. જિનેશ્વરદેવે પોતાના રાગદ્વેષનો નાશ કર્યો છે, તેઓ ભક્તોને સમાધિ અને બોધિ આપતા નથી. જો તેઓ ભક્તોને સમાધિ અને બોધિ આદિ આપવા લાગે તો તેઓ રાગી ઠરે છે. માટે જિનેશ્વરદેવ અમને સમાધિ આદિ આપો એમ કહેવું તે ભક્તિ-વચન જાણવું. ૧૯૪૬.

(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, ષટ્ આવશ્યક અધિકાર, ગાથા-૭૯)

વર્ષ–૧૬
અંક–૧૦




વિ. સંવત
૨૦૭૮

June
A.D. 2022



## શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



### સંવર-અધિકારનું અમૃત ઝરણું

### રાગમાં એકતા તે સંસાર રાગથી ભેદ-વિજ્ઞાન તે મુક્તિ

(સમયસાર ગાથા ૧૯૦-૧૯૨ તથા કળશ ૧૩૦-૧૩૧ ઉપરના પ્રવચનોનો ટૂંક સાર)

સંવર અધિકારની આ છેલ્લી ગાથાઓમાં આચાર્યદેવે સંસારના અને મુક્તિના કારણો બહુ સંક્ષેપમાં કહી દીધા છે. રાગમાં એકતાબુદ્ધિ તે સંસારનું મૂળ છે. રાગ શુભ હો કે અશુભ, કોઈપણ પ્રકારના રાગમાં એકતાબુદ્ધિ કરવી તે—મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગરૂપ સંસારનું મૂળ છે અને રાગથી ભેદ—વિજ્ઞાન કરવું તે મોક્ષનું મૂળ છે.

જીવ રાગમાં એકતા કરે અથવા આત્મામાં એકતા કરે, બસ આ એક જ વાત સંવર-અધિકારમાં બતાવવામાં આવી છે.

જેને એક સમયમાં ત્રણ કાળ લોક જણાયા એવા સર્વજ્ઞ ભગવાનનું આ ફરમાન છે કે વિષય-કષાયના અશુભરાગમાં કે દયા-દાન આદિના શુભરાગમાં જેને એકતાબુદ્ધિ છે તે એકતાબુદ્ધિ જ નવા આસ્રવનું કારણ છે. અને ભેદવિજ્ઞાન વડે સમસ્ત રાગ-ભાવોમાંથી જેને એકતાબુદ્ધિ છૂટીને ભેદવિજ્ઞાન થયું એ ભેદવિજ્ઞાન જ સંવરનું કારણ છે.

જેનાથી જુદું પડવું છે તેને સાથે રાખીને ભેદજ્ઞાન કેમ થાય ? રાગમાં એકતાબુદ્ધિ

ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને
વંદી કહું શ્રુતકેવળી-ભાષિત આ સમયપ્રાભૃત અહો! ૧.

પરમાગમ
શ્રી સમયસાર

એ જ મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગરૂપ અધ્યવસાનનું મૂળ છે. રાગમાં એકતાબુદ્ધિ છે તેને શુભાશુભ સાથે પણ એકતાબુદ્ધિ છે.

શુભરાગ હો, પણ તેનાથી ભિન્ન પડીને આત્મામાં એકતા કરવી તે ધર્મ છે અને રાગથી અભિન્નતા કરવી તે અધર્મ છે. શુભરાગને અશુભની અપેક્ષાએ શુભભાવ કહેવામાં આવેલ છે. સ્વભાવની અપેક્ષાએ તો શુભરાગ પણ સ્વભાવનો ઘાતક હોવાથી અશુભ છે.

રાગની એકતા આસ્રવનું કારણ છે; આસ્રવ કર્મનું કારણ છે, કર્મ શરીરનું કારણ છે. આથી રાગમાં એકતાબુદ્ધિવાળાને ફરી ફરીને શરીર જ મળ્યા કરશે અને રાગથી ભિન્ન બુદ્ધિવાળાને કર્મ આવતું અટકી જાય છે. તેથી નોકર્મ અર્થાત્ શરીર પણ નહિ મળે. માટે રાગથી ભિન્ન બુદ્ધિવાળાને મુક્તિ મળે છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો આ હુકમ છે; એમનું ફરમાન છે. સંતો આડતીયા થઈને એની વાત કરે છે. રાગથી પોતાને ભિન્ન માનનારને મોક્ષ મળશે અને રાગમાં એકતા કરનારને આસ્રવ થશે. મિથ્યાત્વ શું અને ભેદજ્ઞાન શું તેની થોડા શબ્દોમાં અહીં વાત કરી છે.

હું રાગમય છું તેમ માને છે તેથી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ છું એમ તે માને છે. બીજાને પોતાનું માનતાં જીવની પરિણતિ બગડે છે. દયા-દાન-ભક્તિ-પૂજાનો શુભ રાગ ભલે હો, પણ તેમાં એકતાબુદ્ધિ છે તે આસ્રવનું કારણ છે. અને તેનાથી ભેદ પાડવો તે સંવરનું કારણ છે.

સર્વજ્ઞ વીતરાગ આપ્ત પુરુષ છે, મુનિઓ પણ આપ્ત છે, અને સમકિતિ પણ આપ્ત છે, તેમની વાણી પણ પ્રમાણભૂત છે.

જીવ જેને પોતાના માને તેની ભાવના કરે છે. રાગને પોતાનો માનનાર તેની ભાવના કરે છે, તેની વૃદ્ધિ ચાહે છે. આ રીતે રાગને પોતાનો માનનારને આસ્રવની જ ભાવના રહે છે. ભાઈ! રાગની એકતાબુદ્ધિ ભવના ઊંડા કુવામાં ઉતારશે, તને ભવસિંધુમાં ડૂબાડશે, માટે રાગમાંથી એકતાબુદ્ધિ છોડ.

દ્રવ્યે તો બધા આત્મા સાધર્મી છે અને પર્યાયમાં ફેર હોય તોય કોઈ જીવો પ્રતિ દ્વેષ ન હોય. કહ્યું છે ને કે જગતમાં ચૈતન્યદ્રવ્ય ઉપાદેય છે. બધા આત્માઓને ઉપાદેય કહ્યાં, પછી પંચ-પરમેષ્ઠી ભગવંતોને ઉપાદેય કહ્યાં. પછી અરિહંત તથા સિદ્ધ ભગવંતોને

**જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;**
**સ્થિત કર્મપુદ્ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨.**

ઉપાદેય કહ્યાં, છેવટે કહ્યું કે પોતાનો નિજ-શુદ્ધાત્મા એ જ ઉપાદેય છે.

દરિયામાં ઊંડે જાય એને મોતી મળે તેમ આત્માની પર્યાય ઊંડે પોતાના દ્રવ્ય ઉપર જાય એને પોતાનો ભગવાન મળે છે. ભાઈ ! તારી ચીજ છે તે મુક્ત સ્વરૂપ જ છે, અબદ્ધ-સ્પૃષ્ટરૂપ પોતાના આત્માને જે દેખે છે તેણે સમસ્ત જિનશાસનને દેખી લીધું છે, જાણી લીધું છે રાગ તે જિનશાસન નથી. વીતરાગભાવ તે જિનશાસન છે. વીતરાગભાવ વડે જેણે આત્માને જોયો તેણે સમસ્ત જિનશાસનને જાણી લીધું, આ રીતે રાગથી ભિન્નતાની જ વાત સિદ્ધ થાય છે.

રાગથી ભિન્નતા થવી તે સાક્ષાત્ સંવર છે. સ્વના આશ્રય વિના અને પરથી ભિન્ન પડ્યા વિના ધર્મ અર્થાત્ સંવર થતો નથી. પુણ્ય-પાપના પરિણામોનું રોકાવું અને સ્વભાવ તરફ ઝુકવું તેનું નામ સંવર છે. શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિથી આ સંવર થાય છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ રાગ છે. તે રાગથી ભિન્ન પડ્યા વિના સંવર થતો નથી. રાગ રહિતપણું બતાવવા અહીં સાક્ષાત્ શબ્દ કહેલ છે. રાગથી ભિન્ન પડીને શુદ્ધાત્માનો અનુભવ કરવો તે સંવર છે. શુદ્ધાત્માની પ્રાપ્તિથી નિશ્ચય, યથાર્થ, વાસ્તવિક, પ્રત્યક્ષ, સાક્ષાત્ સંવર થાય છે.

ચારે અનુયોગોનું તાત્પર્ય વીતરાગતા છે. રાગથી ભિન્ન પડીને પર્યાયમાં વીતરાગપણું પ્રગટ કરવું તે તાત્પર્ય છે. વ્રત કરવા, પૂજા કરવી, યાત્રા કરવી આદિ શુભરાગની ક્રિયા છે. અહીં કહે છે કે તે શુભરાગની કોઈ ક્રિયા ધર્મ નથી, સંવર નથી. ધર્મ કહો કે સંવર કહો, તે શુદ્ધ આત્માના અવલંબનથી જ પ્રગટ થાય છે. રાગની પ્રવૃત્તિ એ જ પ્રવૃત્તિ છે. બહારની પ્રવૃત્તિ જીવ કરી શકતો નથી. રાગની પ્રવૃત્તિથી નિવૃત્ત થવું અને શુદ્ધઆત્મામાં પ્રવૃત્તિ કરવી તે સંવર છે.

અહો ! આચાર્યદેવે અમૃત રેડ્યા છે. આ તો ભગવાનની વાણી પીરસાય છે. કલાકની બબ્બે કરોડની પેદાશ થાય એ તો પુદ્ગલ છે. અહીં તો ચૈતન્યમાં એકાગ્ર થતાં આનંદની પેદાશ થાય છે. અહીં પરમાગમ મંદિરમાં પાંચ પરમાગમ, બે આચાર્ય. એક મુનિરાજ અને નવમાં શ્રી મહાવીર ભગવાન ઉપર બિરાજે છે. નવનો આંકડો અફર છે. તેમ સંતોની વાત પણ અફર છે. (ક્રમશઃ)

❊

એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;
તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩.




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૨, શુક્રવાર) (ગાથા ૪૦)

શુદ્ધભાવ—અધિકારની ૪૦ મી ગાથા ચાલે છે; તેમાં શુદ્ધ આત્મા કેવો છે તેનું વર્ણન કરીને પછી બે કળશ દ્વારા તેના અનુભવની પ્રેરણા કરી. હવે ત્રીજા કલશમાં શ્રી પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે—જે ભવ્ય જીવ આવા શુદ્ધાત્માનો હમણાં જ અનુભવ કરે છે તે જીવ શીઘ્ર મુક્તિ પામે છે :—

(વસંતતિલકા)

यः सर्वकर्मविषभूरुहसंभवानि
मुक्त्वा फलानि निजरुपविलक्षणानि।
भुंक्तेऽधुना सहजचिन्मयमात्मतत्त्वं
प्राप्नोति मुक्तिमचिरादिति संशयः कः॥५७॥

પોતાના આત્મસ્વરૂપથી વિપરીત સર્વ કર્મરૂપી વિષવૃક્ષથી પેદા થનારા સાંસારિક ફળોને છોડીને જે ભવ્ય જીવ સહજ ચૈતન્યસ્વરૂપી આત્મતત્ત્વને હમણાં જ ભોગવે છે તે જીવ શીઘ્ર મુક્તિ પામે છે.—એમાં સંદેહ શો ?

સહજ ચૈતન્યસ્વરૂપી શુદ્ધ આત્માનો અનુભવ તે જ મુક્તિનું કારણ છે. 'અનુભવ' કહેતાં તેમાં શુદ્ધ આત્માની શ્રદ્ધા, શુદ્ધાત્માનું જ્ઞાન અને શુદ્ધાત્મામાં લીનતારૂપ ચારિત્ર—એ ત્રણેય આવી જાય છે.

આ ભગવાન આત્મા આનંદ—અમૃતનું વૃક્ષ છે, તેમાં મુક્તિરૂપી ફળ પાકે છે. કર્મના નિમિત્તે જે પુણ્ય-પાપ થાય છે તે ખરેખર ચૈતન્યનો પાક નથી પણ કર્મરૂપી વિષવૃક્ષનો પાક છે. મિથ્યાત્વ કે પુણ્ય-પાપના ભાવોમાં કર્મ નિમિત્તરૂપ છે તેથી તેને જ અહીં વિષવૃક્ષ કહ્યું છે. પુણ્ય અને પાપ એ બંને ઝેરીવૃક્ષનાં ફળ છે. આત્માનો ચૈતન્યસ્વભાવ અમૃતરૂપ છે અને મિથ્યાત્વ તથા પુણ્ય-પાપના પરિણામો તેનાથી વિરુદ્ધ છે—ઝેરરૂપ છે.

પ્રશ્ન :—પાપભાવ તો ઝેરરૂપ છે, પરંતુ પુણ્યભાવ પણ ઝેર જેવાં છે ?

શ્રુત-પરિચિત-અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;
પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪.

ઉત્તર :—હા, પાપભાવની જેમ પુણ્યભાવ પણ વિકાર છે, આત્માના સ્વભાવથી વિરુદ્ધભાવ છે, તેથી તે પણ ઝેર છે. જે શુભરાગથી તીર્થંકરનામકર્મ બંધાય તે રાગ પણ ઝેર છે, આત્મસ્વભાવ નથી; તો પછી બીજા રાગની તો વાત શું કરવી? જે કોઈ ભાવો બંધનું કારણ હોય તે બધાય ભાવો ચૈતન્યસ્વભાવથી વિરુદ્ધ છે. અહીં બહારના સંયોગ કે શરીરની વાત નથી પણ અંદરના ભાવની વાત છે. સર્વાર્થસિદ્ધિના દેવો એકાવતારી જ હોય છે, પરંતુ એક ભવ કરવો પડ્યો તે પણ વિકારનું ફળ છે; જે રાગભાવથી સર્વાર્થસિદ્ધિનો ભવ થયો તે ભાવ ઝેર છે.

પ્રશ્ન :—શું ઝેરથી તીર્થંકરનામકર્મ બંધાય?

ઉત્તર :—તીર્થંકરનામકર્મ એટલે શું? એ તો એક જડકર્મ છે, બંધન છે. જેનાથી બંધન થાય અને આત્મા સંસારમાં રખડે તે ભાવને ઝેર ન કહેવું તો શું સ્વભાવ કહેવો? ચૈતન્યસ્વભાવ અમૃત છે ને તેનાથી વિરુદ્ધભાવ તે ઝેર જ છે.

પ્રશ્ન :—અમૃત અને ઝેર એ બે સિવાય ત્રીજી કોઈ મિશ્ર ચીજ છે કે નહિ?

ઉત્તર :—આત્માનો ચૈતન્યસ્વભાવ તે અમૃત અને તેનાથી વિરુદ્ધ બધા ભાવો ઝેર, એ બે જ ભાગ છે, ત્રીજી કોઈ મિશ્ર ચીજ નથી. જેમ કોઈ માણસ અડધું દૂધ ને અડધું ઝેર ભેળવીને પીવે તો તેને એકલું ઝેરરૂપ જ ફળ આવે, કાંઈ અડધું ફળ દૂધનું ને અડધું ફળ ઝેરનું—એમ થાય નહિ. તેમ જે જીવ સ્વભાવને અને વિકારને એક માને તે જીવને, અડધું સ્વભાવનું ફળ ને અડધું વિકારનું ફળ—એમ થાય નહિ, પણ એકલું વિકારનું જ ફળ આવે છે. વિકારથી જુદા સ્વભાવને અનુભવ્યા વગર ધર્મ થાય નહિ.

પ્રશ્ન :—'પુણ્ય ઝેર છે' એવી કડકભાષા કહેવા કરતાં 'પુણ્ય છોડવા જેવા છે' એવી નરમભાષા કહો ને?

ઉત્તર :—અજ્ઞાનીઓને પુણ્યની બહુ મીઠાશ લાગે છે, તે છોડાવવા કડક ભાષાથી કહ્યું છે; ખરેખર કડક ભાષા નથી પણ પુરુષાર્થની ભાષા છે. જો ઢીલું ઢીલું કહેવામાં આવે તો, 'પહેલાં તો પુણ્ય કરવા જેવા છે, પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય' એમ અજ્ઞાનીઓ તેને આદરણીય માની બેસે છે. શ્રીસમયસારની ૩૮૭—૩૮૯ ગાથામાં આઠે પ્રકારના કર્મોને દુઃખનાં બીજ કહ્યા છે; આઠ કર્મોમાં કયા પુણ્ય બાકી રહી ગયા? પુણ્ય પણ દુઃખનું જ બીજ છે. ત્રિકાળ ચૈતન્યસ્વભાવ અમૃતમય છે ને તે તરફનો ભાવ પણ અમૃત છે. ૧૪૮

દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;
દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.

કર્મપ્રકૃતિઓ ઝેરનું ઝાડ છે ને તે તરફનો ભાવ ઝેર છે. ઝેર-વૃક્ષથી પેદા થનારા સર્વે શુભ-અશુભભાવો સાંસારિક ફળ દેનારા છે, પોતાના આત્માથી વિપરીત લક્ષણવાળા છે. સ્વર્ગનું ઈંદ્રપદ કે આહારકશરીર જે ભાવે મળે તે પુણ્યભાવ પણ સાંસારિકફળ જ આપનાર છે. તે સર્વે સાંસારિકફળોને છોડીને શુદ્ધ આત્માનો અનુભવ કરવો તે મુક્તિફળને આપનાર છે.

પ્રશ્ન :—મુનિવરોને જો આહારકશરીર હોય તો, જ્યારે સૂક્ષ્મતત્ત્વમાં કાંઈ શંકા થાય ત્યારે ભગવાન પાસેથી તેનું સમાધાન કરી શકે; એ રીતે તે લાભનું કારણ છે, છતાં જે શુભભાવે આહારકશરીર મળે તેને ઝેર કેમ કહો છો?

ઉત્તર :—જે ભાવે આહારકશરીર મળે તે ભાવ દોષ છે, વિકાર છે, તેથી તે ઝેર છે. વળી, સમાધાનસ્વરૂપ ભગવાન આત્મા પોતે છે; તેને કાંઈ શંકા ઊઠે અને બીજા પાસેથી તેનું સમાધાન મેળવવું પડે—તે બંને દોષ છે. તેમજ આહારકશરીર તો જડ છે. માથામાંથી પૂતળું (—આહારકશરીર) નીકળીને ભગવાન પાસે ગયું તેને લીધે કે શુભરાગને લીધે કાંઈ તત્ત્વનું સમાધાન થતું નથી, પણ મુનિના જ્ઞાનની નિર્મળતાની લાયકાતથી જ તે સમાધાન થાય છે. બીજા શુભરાગની વાત તો દૂર રહો, પણ સમ્યગ્દૃષ્ટિને જે શુભરાગથી તીર્થંકરનામકર્મ બંધાય તે રાગ પણ પોતાને કે પરને લાભકારક નથી; કેમ કે તે રાગભાવ વીતરાગતાને અને કેવળજ્ઞાનને રોકનાર છે; જ્યારે તે જીવ તે રાગ ટાળશે ત્યારે વીતરાગતા અને કેવળજ્ઞાન થશે. તેમ જ પૂર્વના રાગના નિમિત્તે જે કર્મ બંધાયું હતું તેના ઉદયથી દિવ્યધ્વનિ છૂટે, તે દિવ્યધ્વનિના લક્ષે પણ રાગ જ થાય છે. જ્યારે દિવ્યધ્વનિ તરફનું લક્ષ છોડીને પોતાના સ્વભાવ તરફ વળે ત્યારે જીવને સમ્યગ્જ્ઞાન થાય છે. એ રીતે જો પોતે સ્વભાવના આશ્રયે સમજે છે તો ભગવાનની વાણીને ધર્મનું નિમિત્ત કહેવાય છે, અને ભગવાનની વાણીથી લાભ થયો—એમ ઉપચારથી કહેવાય છે. ખરેખર નિમિત્તના લક્ષે લાભ થતો નથી. આ રીતે કોઈ રાગ સ્વને કે પરને લાભકારક નથી.

શ્રીજિનેન્દ્રદેવનો ઉદય ભવ્ય જીવોને હિતકર છે—એમ નિમિત્તથી બોલાય, પણ સાચું વસ્તુસ્વરૂપ તેમ નથી. જે જીવ પોતે પોતાની પાત્રતાથી સ્વભાવ સમજીને પોતાનું હિત કરે છે તે જીવ, ભગવાન પ્રત્યેની ભક્તિના રાગ વખતે, આરોપ કરીને ભગવાનને હિતકારી કહે છે. આવો આરોપ તે અજ્ઞાન નથી પણ રાગ વખતનો વ્યવહાર છે. (ક્રમશઃ)

❊

નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,<br>
એ રીત ‘શુદ્ધ’ કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬.



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**जं सव्वलोयसिद्धं देहं गेहादिबाहिरं अत्थं ।**
**जो तं पि णाण मण्णदि ण मुणदि सो णाणणामं पि ॥२४९॥**

અર્થ :—દેહ–મકાન આદિ બાહ્ય પદાર્થો સર્વ લોક પ્રસિદ્ધ છે, તેમને પણ જો જ્ઞાન જ માનશો, તો તે વાદી જ્ઞાનનું નામ પણ જાણતો નથી.

ભાવાર્થ :—બાહ્ય પદાર્થને પણ જ્ઞાન જ માનવાવાળો જ્ઞાનનું સ્વરૂપ જાણતો નથી, એ તો દૂર રહો, પણ તે તો જ્ઞાનનું નામ પણ જાણતો નથી.

હવે, જ્ઞાન અને જ્ઞેયનું ભિન્નપણું સિદ્ધ કરે છે.

શરીર જડ છે પરંતુ તે જ્ઞાનમાં જણાય છે, માટે તે જ્ઞાનનું જ્ઞેય છે પરંતુ તે જ્ઞાનથી ભિન્ન છે. જ્ઞાનમાં શરીર જાણવામાં આવ્યું, માટે ક્યાંય શરીર અને જ્ઞાન એકમેક થઈ જતું નથી. જે જ્ઞાન અને જ્ઞેયની ભિન્નતાને નથી માનતો, તે મિથ્યાદૃષ્ટિ છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે અને ઘડો, વસ્ત્ર, શરીર આદિ સમસ્ત જડ પદાર્થ, જ્ઞાનમાં જણાય છે, તે જ્ઞેય છે. તે જડ પદાર્થ, જ્ઞાનસ્વરૂપ આત્માથી ભિન્ન છે, આ વાત સારી રીતે પ્રસિદ્ધ છે. ખાંડનું ગળપણ, જડ છે અને તેનું જ્ઞાન, ચેતન છે તે બંને ભિન્ન છે. હીરાની ચમક અલગ છે અને તે ચમકને જાણવાવાળું જ્ઞાન તેનાથી ભિન્ન છે કારણકે હીરાની ચમક તો જડ છે અને તેને જાણવાવાળું જ્ઞાન, આત્માનું છે. આ પ્રમાણે ભિન્નતા જાણવાથી પોતાના સ્વભાવની મહિમા આવીને પરની મહિમા મટે છે.

સ્વ અને પર બંને પદાર્થ અલગ છે, તેને અલગ જાણીને–અલગ માનીને, પરથી ભિન્ન પોતાના આત્મામાં આચરણ કરવું તે જ ધર્મ છે.

જો કોઈ જૈનમતાવલંબી જીવ પણ જો એમ માને કે પરના કારણે જ્ઞાન થાય છે અથવા જ્ઞાન, પરને કરે છે તો તે પણ પરથી ભિન્ન જ્ઞાનસ્વભાવને નથી જાણતો; માટે તે પણ વેદાંત અને બૌદ્ધ સમાન મિથ્યાદૃષ્ટિ છે.

હું જ્ઞાન છું, પર મારું જ્ઞેય છે; તે પરજ્ઞેયથી મારું જ્ઞાન ભિન્ન છે; મારા જ્ઞાનમાં એક સમયમાં ત્રણકાળ–ત્રણલોકને જાણવાનું સામર્થ્ય છે—આવા જ્ઞાનસ્વભાવને નહિ

**ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;**
**ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭.**

જાણનાર જીવ તો અજ્ઞાની છે જ પરંતુ સમસ્ત દેહાદિ પરપદાર્થ પણ જ્ઞાન છે—એમ માનવાવાળો તો જ્ઞાનનું નામ પણ જાણતો નથી. જ્ઞાન, પરથી ભિન્ન છે અને તે જ્ઞાનસ્વભાવનું અચિન્ત્ય સામર્થ્ય છે, તેને ઓળખવાથી જ ધર્મ થાય છે. જે પરથી ભિન્ન જ્ઞાનસ્વભાવને ઓળખતો પણ નથી તો તેને ધર્મ કેવી રીતે થઈ શકે? અહો! મારો જ્ઞાનસ્વભાવ અને પદાર્થોનો જ્ઞેયસ્વભાવ, બંનેનો સ્વભાવ ત્રિકાળ ભિન્ન છે—એવી ભિન્નતાને નહિ જાણવાવાળાને જ્ઞાનસ્વભાવની પ્રતીતિ નથી.

હવે, નાસ્તિકવાદી પ્રત્યે કહે છે :—

**अच्छीहिं पिच्छमाणो जीवाजीवादि-बहुविहं अत्थं ।**
**जो भणदि णत्थि किंचि वि सो झुट्ठाणं महाझुट्ठो ॥२५०॥**

અર્થ :—જે નાસ્તિકવાદી, જીવ-અજીવાદિ ઘણા પ્રકારના પદાર્થોને આંખો વડે પ્રત્યક્ષ દેખતો હોવા છતાં પણ કહે છે કે–'કાંઈ પણ નથી' તે અસત્યવાદીઓમાં પણ મહા–અસત્યવાદી છે.

ભાવાર્થ :—પ્રત્યક્ષ દેખાતી વસ્તુને પણ 'નથી' એમ કહેનારો મહા-જૂઠો છો.

જગતમાં પદાર્થ છે, તેને પ્રત્યક્ષ જોવા છતાં પણ જે અજ્ઞાની જીવ તેની સત્તાને માનતો નથી, તે નાસ્તિક, મહા–અસત્યવાદી છે. પરવસ્તુનું કાર્ય તેના સ્વયંથી થાય છે, તોપણ જે એમ માને છે કે મારાથી તે કાર્ય થાય છે, મારા વિના પરનું કાર્ય થતું નથી તો તે જીવ પરના કાર્યને થતું જોઈને પણ તેને સ્વતંત્ર માનતો નથી, તે મિથ્યાદૃષ્ટિ છે. પરવસ્તુ છે—એમ તો માને છે પરંતુ તે વસ્તુને સ્વતંત્ર નથી માનતો; મારા કારણે પરવસ્તુનું કાર્ય થાય છે—એમ માને છે, તે જૂઠો છે અને પરવસ્તુઓને બિલકુલ માનતો નથી અર્થાત્ વસ્તુ છે જ નહિ—એમ સર્વથા અભાવ કહે છે, તો તે મહા–જૂઠો છે, માટે જગતમાં સ્વ-પરવસ્તુઓ જેમ છે તેમ જાણીને પરથી ભિન્ન નિજ જ્ઞાયકસ્વભાવની ઓળખાણ કરવી તે જ ધર્મ છે.

**जं सव्वं पि य संतं ता सो वि असंतओ कहं होदि ।**
**णत्थि त्ति किंचि तत्तो अहवा सुण्णं कहं मुणदि ॥२५१॥**

અર્થ :—સર્વ વસ્તુ સત્‌રૂપ છે–વિદ્યમાન છે, તે વસ્તુ અસત્‌રૂપ–અવિદ્યમાન કેમ થાય? અથવા 'કાંઈ પણ નથી' એવું તો શૂન્ય છે, એમ પણ કેવી રીતે જાણે?

**ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,**
**વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ૮.**

ભાવાર્થ :—છતી (વિદ્યમાન–પ્રગટ–મોજૂદ) વસ્તુ, અછતી (અવિદ્યમાન) કેમ થાય? તથા 'કાંઈ પણ નથી' (જો એમ કહેવામાં આવે) તો એવું કહેવાવાળો–જાણવાવાળો પણ ન રહ્યો, પછી 'શૂન્ય છે' એમ કોણ જાણશે?

હવે, આ જ ગાથા પાઠાન્તરરૂપે આ પ્રમાણે છે :—

**जदि सव्वं पि असंतं ता सो वि य संतओ कहं भणदि।**
**णत्थि त्ति किं पि तच्चं अहवा सुण्णं कहं मुणदि॥**

અર્થ :—જો બધીય વસ્તુ અસત્ છે તો (અસત્ છે) એમ કહેવાવાળો નાસ્તિકવાદી પણ અસત્‌રૂપ ઠર્યો, તો પછી 'કોઈ પણ તત્ત્વ નથી.' એમ તે કેવી રીતે કહે છે? અથવા 'કહેવાવાળો પણ નથી,' તો શૂન્ય છે એમ શી રીતે જાણે છે?

ભાવાર્થ :—પોતે પ્રગટ વિદ્યમાન છે અને કહે છે કે 'કાંઈ પણ નથી' પણ એમ કહેવું એ મોટું અજ્ઞાન છે; તથા શૂન્યતત્ત્વ કહેવું એ તો માત્ર પ્રલાપ (ફોગટ બકવાદ) જ છે, કારણ કે કહેવાવાળો જ નથી તો આ કહે છે કોણ? તેથી નાસ્તિત્વવાદી માત્ર પ્રલાપી (મિથ્યા બકવાદી) છે.

જુઓ, લોકભાવના સંવરમાં ગણવામાં આવી છે. જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થવું સંવર છે. આત્મા સદા અરૂપી જ્ઞાનસ્વભાવી છે, તે પરવસ્તુને જાણે છે પરંતુ પરનું કાંઈ કરી શકતો નથી. આત્માની ઈચ્છાથી અથવા જ્ઞાનથી પરમાં કાંઈ કરી શકતો નથી. જ્ઞાની માને છે કે હું પરને જાણવાવાળો છું—આ કથન પણ વ્યવહારથી છે કારણ કે હકીકત તો તે સ્વને જાણે છે અને સ્વને જાણતો થકો પર જાણવામાં આવી જાય છે.


જગતમાં બધું વિદ્યમાન છે—વિકાર, અવિકાર, ચાર ગતિ, સિદ્ધ, લોકસ્વરૂપ છે. શરીર છે, તેની અવસ્થા વર્તમાન, તેના સ્વકાળથી સત્ છે. જે છે, તે ન કેમ હોઈ શકે? એટલે કે જે નથી (અર્થાત્ સર્વથા અસત્‌રૂપ હોય) અને તે કોઈ કારણે ઉત્પન્ન થાય—એમ કેમ હોઈ શકે? જે છે, તે કોઈ કારણે હોય અથવા કોઈના દ્વારા પરિવર્તિત હોય—એમ કેમ હોઈ શકે? ન જ હોઈ શકે.

દરેક દ્રવ્યના પરિણમનની વિચિત્રતા તેનો પોતાનો સ્વભાવ છે. એમ કેમ? જ્ઞાનમાં એવું વિસ્મય નથી, પદાર્થમાં પણ નથી અને વાણીમાં પણ પદાર્થ એમ છે—એ બતાવે છે. હકીકતમાં કોઈના કારણે કોઈ છે—એમ નથી. (ક્રમશઃ)

**શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,**
**લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે. ૯.**




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



### મનુષ્યપણાનાં બીજાં દુઃખો

**बालपनेमें ज्ञान न लह्यो, तरुण समय तरुणी–रत रह्यो।**
**अर्धमृतकसम बूढापनों, कैसे रूप लखै आपनो ॥१४॥**

'कैसे रूप लखै आपनो'–એટલે કે પોતાના સ્વરૂપને જીવ કઈ રીતે ઓળખે?–જેને બાળપણામાં તો કંઈ જ્ઞાન નથી, યુવાની જે વિષયોમાં ગુમાવે છે ને વૃદ્ધાવસ્થામાં અર્ધમૃતક થઈ જાય છે,—એ રીતે દેહબુદ્ધિમાં પોતાનું જીવન ગુમાવનારા જીવો આત્માનું સ્વરૂપ કઈ રીતે ઓળખે? कैसे रूप लखै आपनो?—આમ કહીને સમ્યગ્દર્શનની વાત લીધી છે. સમ્યગ્દર્શન પામવું એટલે કે પોતાનું સ્વરૂપ જાણવું તે જ હિતનો ઉપાય છે, તે જ વીતરાગવિજ્ઞાન છે, તે જ સંતગુરુઓની શિખામણ છે, ને તેમાં જ મનુષ્યભવની સાર્થકતા છે. શુભરાગની વાત ન કરી. कैसे रूप लखै आपनो એમ કહ્યું પણ कैसे करै शुभराग એમ ન કહ્યું, કેમકે તે તો અનંતવાર કર્યા; શુભરાગ કર્યો ત્યારે તો મનુષ્ય થયો;—એટલે તે કાંઈ અપૂર્વ ચીજ નથી. પણ પોતાનું રૂપ જાણ્યું નહિ, સમ્યગ્દર્શન કર્યું નહિ, એટલે પોતાનું રૂપ લખવું–અનુભવવું તે અપૂર્વ ચીજ છે, તેમાં જ જીવનું હિત છે.

મોહ છોડીને પોતાનું સ્વરૂપ જાણવા માંગે તો તો ગમે ત્યારે જાણી શકે છે. પણ મોહથી જે બહારમાં જ મચ્યો રહે તે પોતાના નિજસ્વરૂપને ક્યાંથી દેખે? ભાઈ, અત્યારે આવો અવસર તને મળ્યો છે તો આત્માના હિતને માટે વખત લે. મરતાં તો આ બધું અહીં પડ્યું રહેશે, માટે જીવતાં જ તેનો મોહ છોડીને આત્માનું સ્વરૂપ ઓળખવાનો ઉદ્યમ કર.

'અત્યારે કમાઈ લઈએ, પછી વૃદ્ધાવસ્થામાં નિવૃત્તિ લઈને આત્માનું કંઈક કરીશું!' એમ કહે છે.–પણ ભાઈ! વૃદ્ધાવસ્થા આવશે જ એવું ક્યાં નક્કી છે? ઘણાય જીવો યુવાન અવસ્થામાં જ આયુષ્ય પૂરું થતાં ફૂ થઈને ચાલ્યા જાય છે,—એવા પ્રસંગો તો નજરે દેખાય છે. પછી વૃદ્ધાવસ્થાનો શો ભરોસો! અત્યારે યુવાનઅવસ્થા વખતે તું એમ કહે છે કે વૃદ્ધાવસ્થામાં કરીશું; પણ વૃદ્ધાવસ્થામાં જ્યારે શક્તિઓ ક્ષીણ થઈ જશે ત્યારે તને પસ્તાવો

**શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;**
**સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ૧૦.**

થશે કે અરે, યુવાનીમાં વખત હતો ત્યારે આત્માની કાંઈ દરકાર ન કરી. માટે વાયદા કરવાનું મૂકીને અત્યારથી જ આત્માનું હિત થાય—એવો ઉદ્યમ કર.

બહારના સંયોગની સગવડતામાં તને પોતાની સરખાઈ લાગે છે,–પણ ભાઈ! એ બહારના સંયોગમાં તું છો જ ક્યાં? તારું રૂપ તો તેનાથી જુદું છે. તું તો જ્ઞાનરૂપ છો; તારા સાચા રૂપને તું ઓળખ. 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?'—એનો શાંતિથી વિચાર કર.

રે જીવ! એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી તો તને વિચાર કરવાની શક્તિ જ ન હતી, અત્યારે વિચાર કરવાની શક્તિ ઊઘડી છે તો આત્માના હિતનો વિચાર કરીને તેનો સદુપયોગ કર. ઘણા જીવો તો મનુષ્ય થવા છતાં એટલી બધી મંદબુદ્ધિવાળા હોય છે કે મૂઢ જેવા જ રહે છે; કોઈને થોડીઘણી બુદ્ધિ હોય છે તો બહારના કાર્યોનાં તીવ્ર અભિમાન આડે બુદ્ધિને તેમાં જ રોકે છે, આત્માના હિત માટે બુદ્ધિનો ઉપયોગ નથી કરતા. પૈસા કેમ કમાવા તેમાં બુદ્ધિ વાપરે છે (–જો કે પૈસા તો પુણ્ય અનુસાર મળે છે)–પણ આત્માના હિતની કમાણી કેમ થાય તેમાં બુદ્ધિ વાપરતા નથી. આત્માના હિતનો વિચાર કર્યા વગર મોંઘું જીવન વેડફી નાંખે છે. અરે, આવું મોંઘું જીવન, તે માત્ર ધનમાં–સ્ત્રીમાં કે રાજપાટમાં વેડફી નાંખવાનું ન હોય; તેમાં તો આત્માના હિતનો એવો વિચાર કરું કે જેથી ફરીને આ સંસારમાં આવા દુઃખો ભોગવવા ન પડે.—એમ વિચારીને તારા આત્માને મોક્ષપંથમાં જોડ. તારા ચૈતન્ય પ્રભુને તેં કદી ન દેખ્યો. તો હવે અત્યારે તેને દેખ. ચૈતન્યના દર્શનનો (સમ્યગ્દર્શનનો) આ અવસર છે.—

દેખણ દે રે....સખી દેખણ દે...ચંદ્રપ્રભુ મુખચંદ...સખી મુને દેખણ દે....

મુમુક્ષુ પોતાના ચૈતન્યપ્રભુના દર્શનની તીવ્ર ભાવના ભાવે છે કે અરે, એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીમાં મેં કદી મારા ચૈતન્યપ્રભુને ન દેખ્યા...કેમકે તે વખતે તો દેખવાની શક્તિ જ ન હતી. પણ હવે આ મનુષ્યપણામાં ચૈતન્યપ્રભુને દેખવાનો અવસર આવ્યો છે, માટે હે ચેતનાસખી! મને મારા ચૈતન્યપ્રભુનાં દર્શન કરાવ. 'દેખણ દે...સખી, દેખણ દે.'

પોતે પોતાના ચૈતન્યપ્રભુને દેખવાની દરકાર જ જીવ ક્યાં કરે છે! નવરો હોય, કાંઈ કામ ન હોય તોપણ કાંઈ ધર્મના વાંચન–વિચારને બદલે મફતનો પારકી ચિંતા કર્યા કરે; ધનની ચિંતા, શરીરની ચિંતા, સ્ત્રી-પુત્રની ચિંતા, દેશની ચિંતા–એમ પાર વગરની પારકી

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.**

ચિંતામાં જીવ વ્યર્થ કાળ ગુમાવે છે, પણ આત્માના હિતની ચિંતા કરતો નથી. પારકી ચિંતા તો વ્યર્થ છે કેમકે તારી ચિંતા પ્રમાણે તો કાંઈ પરમાં થતું નથી. ટી.બી. (ક્ષય) થાય, પક્ષઘાત થાય, ખબર પડે કે હવે આ પથારીમાંથી ઊઠીને કદી દુકાને જઈ શકવાનો નથી, છતાં પણ પથારીમાં સૂતો સૂતો આત્માના વિચાર કરે નહિ પણ ઘરના, દુકાનના કે શરીરાદિના વિચાર કર્યા કરે, ને પાપના પોટલા બાંધીને દુર્ગતિમાં જાય. નવરો પડે ત્યારે પારકી ચિંતા કરે છે તેને બદલે આત્માની ચિંતા કરે તો કોણ રોકે છે? કોઈ રોકતું નથી; પણ એને પોતાને જ દરકાર ક્યાં છે? અરેરે, એને હજી ભવદુઃખનો થાક નથી લાગતો! ભાઈ, આ મનુષ્યપણામાંય નહિ ચેત, તો પછી ક્યારે ચેતીશ?

મનુષ્ય થઈનેય ગર્ભાવસ્થાથી માંડીને ઠેઠ વૃદ્ધાવસ્થા અને મરણ સુધીમાં હજારો પ્રકારનાં દુઃખો જીવ સહન કરે છે. શારીરિક કરતાંય માનસિક દુઃખો એવાં આકરાં હોય છે કે સહન પણ ન થાય ને કોઈને કહેવાય પણ નહીં. અંદર સમસમીને મુંઝાય ને ક્રોધ કરે. મનમાં મહા દુઃખી થાય. બાળપણું નિર્દોષ લાગે પણ તેમાંય અજ્ઞાનપણે આકરાં દુઃખો જીવ ભોગવે છે.

આ બધા મિથ્યાત્વ અને અજ્ઞાનથી થતા દુઃખોની વાત છે. તીર્થંકરાદિ પણ બાળક તો હોય. પણ એમની તો વાત જ જુદી છે. એમને તો દેહથી ભિન્ન આત્માનું ભાન છે. તિર્યંચમાં ને નરકમાં અસંખ્યાત સમ્યગ્દષ્ટિ છે, તેઓ સમ્યગ્દર્શનના પ્રતાપે ચૈતન્યના સુખરસની ગટાગટી કરી રહ્યા છે; જોકે તેમને અમુક દુઃખવેદના છે, પણ શુદ્ધચૈતન્યના અતીન્દ્રિય સુખના સ્વાદની મહત્તા પાસે દુઃખનું વેદન ગૌણ છે. અહીં તો ચૈતન્યસુખની જેને ખબર નથી, ને મિથ્યાત્વથી એકલું દુઃખ વેદી રહ્યા છે એવા મિથ્યાદૃષ્ટિ જીવોનાં દુઃખોની કથા છે. મિથ્યાત્વના ફળમાં જ હલકા અવતારો થાય છે. તેમાંથી તિર્યંચ, નરક અને મનુષ્ય એ ત્રણ ગતિનાં દુઃખોનું વર્ણન કર્યું. હવે અજ્ઞાનીપણે શુભભાવથી કંઈક પુણ્ય બાંધીને દેવગતિમાં જાય તો ત્યાં પણ જીવ દુઃખી જ છે, તેનું વર્ણન કરશે. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૧૮ થી ચાલુ) (દ્વાદશ અનુપ્રેક્ષા)

હોતા નથી કેમકે નિશ્ચયનયથી જીવ અને કર્મ બંને ભિન્ન–ભિન્ન દ્રવ્યો છે. ૩૭.

संसारमदिक्कंतो जीवोवादेयमिति विचिंतेज्जो ।
संसारदुहक्कंतो जीवो सो हेयमिति विचिंतेज्जो ।।३८।।

સંસારથી મુક્ત થયેલો જીવ ઉપાદેય છે એવો વિચાર કરવો જોઈએ અને સંસારના દુઃખોથી આક્રાંત જીવ છોડવા યોગ્ય છે એવું ચિંતન કરવું જોઈએ. ૩૮.



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

(૪૧) "દ્રવ્યશ્રુતનું સમ્યક્ અવગાહન સાધક છે ને ભાવશ્રુત સાધ્ય છે." સર્વજ્ઞ પરમાત્માએ કહેલા પદાર્થના સ્વરૂપ અનુસાર મુનિએ રચેલાં શાસ્ત્રનું સમ્યક્પણે અવગાહન કરવું. સારી રીતે સમજણ કરવી તે સાધક છે. જેમ ઊંડા દરિયામાં અવગાહન કરે તો મોતી મળે છે તેમ શાસ્ત્રમાં સમ્યક્ પ્રકારે પ્રવેશ કરી જુએ તો આત્મામાં ભાવશ્રુત પ્રગટ થાય છે. જે વિકલ્પ ઊઠે તેની પ્રધાનતા નથી. પુણ્યને લીધે દેવમાં જશું ને ભગવાન પાસે જશું તેવાની વાત નથી. તેવા જીવને દ્રવ્યશ્રુતનું અવગાહન આવડ્યું નથી. અપૂર્વપણે આત્મામાં જાગ્યો તે વીતરાગની વાણીનો વિનય કરે કે અહો ! આત્માને જગાડનાર, વીતરાગતાને આપનાર ને કેવળજ્ઞાનને પમાડનાર એવી ભગવાનની વાણી છે. જે ઉપાદાનને ઉપાદાન કહે. નિમિત્તને નિમિત્ત કહે, વ્યવહારને વ્યવહાર કહે છે, એમ ભગવાનની વાણી બરાબર બતાવે છે તેના સમ્યક્પ્રકારે અવલોકનથી સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રગટે છે. વિકલ્પમાં રોકાવું તેનું ફળ નથી. સાચાં શાસ્ત્રોમાં ચારે અનુયોગ આવે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનું મુખ્યપણે સ્વરૂપ કહેનારાં તે દ્રવ્યાનુયોગ, મુખ્યપણે ચારિત્રની વિધિ કહેનાર તે ચરણાનુયોગ, કર્મ, લોકવિભાગ, ગુણસ્થાન આદિની સ્થિતિ બતાવનાર કરણાનુયોગ અને મહાપુરુષોનાં જીવનચરિત્ર બતાવનાર કથાનુયોગ—આમ ચારે અનુયોગને બરાબર અવગાહે તે ભાવશ્રુતજ્ઞાન છે. જે જ્ઞાનવડે આત્માને પકડે તે ભાવશ્રુતજ્ઞાન છે.

શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,
લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે. ૯. (સમયસાર)

અહીં કહ્યું છે કે ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માને અનુભવે તેને ભાવશ્રુતકેવળી કહે છે :—

શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે,
સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ૧૦.

(સમયસાર)

**દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;**
**અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.**

અહીં કહ્યું છે કે ભગવાને કહેલા ચારે અનુયોગમાં નિજ શુદ્ધાત્મા જ આદરણીય કહ્યો છે તે વિચાર અને વિકલ્પ ઊઠે છે તેનો અભાવ કરી સમ્યગ્જ્ઞાન પ્રગટે છે, માટે તે શ્રુતજ્ઞાને પણ આત્માને જાણ્યો.

જે રાગાદિ પરિણામ થાય તે વાણીનું ફળ નથી. સર્વજ્ઞે વાણી દ્વારા કહેલા તથા તે અનુસાર કુંદકુંદાચાર્ય, સમંતભદ્રાચાર્ય વગેરે આચાર્યોએ ચાર અનુયોગ કહેલા છે. તેનો સાર વીતરાગી જ્ઞાન છે અથવા ભાવશ્રુતજ્ઞાન છે. જે જીવ શાસ્ત્રમાંથી વીતરાગતા ન કાઢે તે શાસ્ત્રને સમજ્યો જ નથી.

પરાશ્રયની શ્રદ્ધા છોડી વિકલ્પરહિત થઈને આત્માને ન પકડે તો તે શાસ્ત્રને સમજ્યો નથી. આગમ કહે છે કે તારો આત્મા જ્ઞાનજ્યોત છે. દયા-દાનાદિ પરિણામ આત્મા નથી—આમ દ્રવ્યશ્રુતના અવગાહનમાં નિર્ણય કરે તે ભાવશ્રુતનું ફળ છે.

શ્રી સમયસાર ગાથા ૧૫માં એમ કહ્યું છે કે :—

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય જે અવિશેષ દેખે આત્મને,
તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫.

સ્વસન્મુખ થયેલા જ્ઞાનને ભાવ શ્રુતજ્ઞાન કહેલ છે.

જે આત્મા કર્મથી બંધાયેલો નથી, કર્મથી સ્પર્શાયેલો નથી, અનન્ય છે, સામાન્ય છે તથા નિયત અને અસંયુક્ત છે—એમ જે જાણે તે જીવ જિનશાસનને દેખે છે. દ્રવ્યશ્રુત ને ભાવશ્રુતનો સાર વીતરાગતા છે. દ્રવ્યશ્રુતમાં એમ કહ્યું છે કે આત્મા તરફ વળવું તે કાર્યકારી છે તે ભાવશ્રુતજ્ઞાન પોતે વીતરાગતા છે. આમાં ચૌદ પૂર્વનો સાર આવી જાય છે. દયા-દાનાદિ પરિણામ સાર નથી. શાસ્ત્રમાં વ્યવહારની લાખ વાત હોય તોપણ વીતરાગતા જ સાર છે. તર્ક ને વિવાદ કરે તોપણ બીજો અર્થ નથી. આત્મા તરફ વલણ કરી વીતરાગતા લાવ. જેમ કોઈ જીવ દરિયામાં પડ્યો તો મોતી હાથ આવ્યાં, પણ દરિયામાં મોતી હતાં તો હાથ આવ્યાં. તેવી રીતે દ્રવ્યશ્રુતમાં વીતરાગતા લખેલ છે પણ અંદરથી યથાર્થતા—વીતરાગતા ગ્રહણ કરે તો વીતરાગતા પ્રગટે છે એ રીતે તેના અવગાહનથી ભાવશ્રુત થાય છે.

ખારા સમુદ્રમાં મીઠું પાણી ન મળે, તેમ ખોટાં શાસ્ત્રમાંથી વીતરાગતા ન મળે. કુશાસ્ત્રમાં ભાવશ્રુત કહ્યું નથી, ને સાચા શાસ્ત્રનું ફળ વીતરાગતા છે. રાગ કે વિકલ્પ કે

ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને
આસરવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.

ભેદથી વીતરાગતા પામે—એમ શાસ્ત્રે કહ્યું નથી ને જે એમ કહે તે સાચાં શાસ્ત્ર નથી. તેનાથી ભાવશ્રુતજ્ઞાન પ્રગટે એમ બને નહિ. માટે દ્રવ્યશ્રુતનું સમ્યક્ અવગાહન સાધક છે ને ભાવશ્રુત સાધ્ય છે.

(૪૨) ''સ્વસન્મુખ એવું ભાવશ્રુતજ્ઞાન સાધક છે ને કેવળજ્ઞાન સાધ્ય છે.'' આત્મા જ્ઞાનસ્વરૂપી છે. એવું અરૂપી સમ્યક્ શ્રુતજ્ઞાન થવું તે સાધક છે ને કેવળજ્ઞાન સાધ્ય છે. ભાવશ્રુતજ્ઞાન ટળીને સંસારદશા મળે તેમ બને નહિ, પણ કેવળજ્ઞાન મળશે. ખરેખર કેવળજ્ઞાનનું સાધન તો દ્રવ્યસ્વભાવ છે, પણ અહીં પર્યાયથી વાત લેવી છે. ભાવશ્રુતજ્ઞાન થયા પછી લબ્ધિઓ પ્રાપ્ત થાય, દીકરા મળે, દેવીઓને નીચે ઉતારે—તે તેનું ફળ નથી. ભાવશ્રુતનું ફળ કેવળજ્ઞાન છે. ભાવશ્રુતજ્ઞાન થતાં ક્રમે ચારિત્ર પૂરું થાય છે ને કેવળજ્ઞાન થાય છે. જેને શાસ્ત્રની ખબર નથી, આત્મા શું? દ્રવ્ય શું? રાગ શું? સ્વભાવ શું? તેની ખબર નથી, તેને ધર્મ થતો નથી. તેનાં વ્રત, તપ મીંડાં સમાન છે.

(૪૩) ''ચેતનમાં ચિત્ત લીન કરવું સાધક છે, અનુભવ સાધ્ય છે'' આત્મામાં આનંદનો અનુભવ કેમ થાય? શાંતિનો અનુભવ કેમ થાય? વિવેક દ્વારા પોતાના ચિત્તને ફેરવીને જ્ઞાનમાં લીન કરે તે સાધન છે તે આનંદનો અનુભવ કરે તે સાધ્ય છે.

(૪૪) ''અનુભવ સાધક છે ને મોક્ષ સાધ્ય છે.'' આત્માને અનુસરીને આનંદનો સ્વાદ લેવો સાધક છે ને પૂર્ણ દશા થવી તેનું ફળ છે. કારણ કે અધૂરી અનુભવદશા ટાળીને મોક્ષ થાય છે.

(૪૫) ''નયભંગી સાધક છે ને પ્રમાણભંગી સાધ્ય છે.'' નિશ્ચયનયે આત્મા ત્રિકાળ શુદ્ધ છે ને વ્યવહારનયે પર્યાયમાં અશુદ્ધ છે. દ્રવ્યસ્વભાવ ભૂતાર્થ છે ને પર્યાય અભૂતાર્થ છે. તે નયભંગી છે. તેનું ફળ પ્રમાણ છે. આખા દ્રવ્યને સિદ્ધ કરવું તે છે. કોઈવાર અસ્તિને મુખ્ય કરેલ હોય ને નાસ્તિને ગૌણ કરેલ હોય, છતાં આખી વસ્તુને પ્રમાણથી ખ્યાલમાં લેવી તે ફળ છે.

સ્યાત્‌અસ્તિ, સ્યાત્‌નાસ્તિ, સ્યાત્‌અસ્તિનાસ્તિ, સ્યાત્‌અવક્તવ્ય, સ્યાત્‌અસ્તિ-અવક્તવ્ય, સ્યાત્‌નાસ્તિઅવક્તવ્ય, સ્યાત્‌અસ્તિનાસ્તિ અવક્તવ્ય—એ સાતે ભંગોનું ફળ અખંડ આત્માને સિદ્ધ કરવો તે છે. એકલા નયભંગોનું રોકાવું તે નયનું પ્રયોજન નથી.

(ક્રમશઃ) ❊

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,
અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

## દ્વાદશ–અનુપ્રેક્ષા (બારસ અણુવેક્ખા)

### (૫) સંસારાનુપ્રેક્ષા

हेतूण जीवरासिं महुमंसं सेविऊण सुरयाणं ।
परदव्ववरकलत्तं गहिऊण य भमदि संसारे ।।३३।।

જીવરાશિનો ઘાત કરી, મધુ, માંસ અને મદિરાપાનનું સેવન કરી તથા પરદ્રવ્ય અને પરસ્ત્રીને ગ્રહણ કરી આ જીવ સંસારમાં ભ્રમણ કરે છે. ૩૩.

जत्तेण कुणइ पावं विसयणिमित्तं च अहणिसं जीवो ।
मोहंधयारसहिओ तेण दु परिपडदि संसारे ।।३४।।

મોહરૂપી અંધકારથી સહિત જીવ વિષયોના નિમિત્તે યત્નપૂર્વક પાપ કરે છે અને તેનાથી સંસારમાં પડે છે. ૩૪.

णिच्चिदरधादुसत्तय तरुदसवियलिंदिएसु छच्चेव ।
सुरणिरयतिरियचउरो चोद्दस मणुए सहसहस्सा ।।३५।।

નિત્ય નિગોદ, ઈતર નિગોદ, પૃથ્વીકાયિક, જળકાયિક, અગ્નિકાયિક અને વાયુકાયિક આ છ પ્રકારનાં જીવોમાં પ્રત્યેકની સાત-સાત લાખ, પ્રત્યેક વનસ્પતિકાયની દશ લાખ, વિકલેન્દ્રિયોની છ લાખ, દેવ, નારકી તથા પંચેન્દ્રિય તિર્યંચોમાં પ્રત્યેકની ચાર-ચાર લાખ, અને મનુષ્યોની ચૌદ લાખ,—આ પ્રકારે સઘળી મળીને ચૌરાસી લાખ યોનિઓ છે તેમાં સંસારી જીવ ભ્રમણ કરે છે. ૩૫.

संजोगविप्पजोगं लाहालाहं सुहं च दुक्खं च ।
संसारे भूदाणं होदि हु माणं तहावमाणं च ।।३६।।

સંસારમાં જીવોને સંયોગ-વિયોગ, લાભ-અલાભ, સુખ-દુઃખ તથા માન-અપમાન પ્રાપ્ત થાય છે. ૩૬.

कम्मणिमित्तं जीवो हिंडदि संसारघोरकंतारे ।
जीवस्स ण संसारो णिच्चयणकम्मविमुक्को ।।३७।।

કર્મોના નિમિત્તથી આ જીવ સંસારરૂપી ભયાનક વનમાં ભમે છે. પરંતુ નિશ્ચયનયથી જીવ કર્મોથી રહિત છે તેથી તેને સંસાર પણ નથી.

ભાવાર્થ :—જીવના સંસારી અને મુક્ત એ ભેદ વ્યવહારનયથી છે. નિશ્ચયનયથી

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૪ ઉપર)

# કોના માટે ?

ઘણા જીવો પુત્રાદિની મમતા ખાતર, ધન કમાઈને પુત્રને આપી જવા માટે, આખી જીંદગી પાપ કરી કરીને ધન કમાવામાં જ વેડફી નાંખે છે, ને આત્માનું હિત ચૂકી જાય છે. તેને જ્ઞાની કહે છે કે હે ભાઈ !

પુત્ર કપૂત તો સંચય શાનો ?

પુત્ર સપૂત તો સંચય શાનો ?

જો તારો પુત્ર કુપુત્ર હોય તો તેને માટે ધનનો સંચય શા માટે કરવો ? કેમકે તે તો ખોટા માર્ગે વિષય-કષાયોમાં ધન વેડફી દેશે.

અને જો તારો પુત્ર સુપુત્ર છે—સંસ્કારી ને પુણ્યવાન છે તો તેને માટે પણ તારે ધનનો સંચય કરવાની જરૂર નથી, કેમકે એને તો એના પુણ્યબળથી જ સંપત્તિ મળી રહેશે (પુત્રની જેમ બધાનું સમજી લેવું.)

આમ બન્ને પ્રકારે તારે ધનસંચયની જરૂર નથી; તો પછી પાપ કોને માટે ? મફતનો પાપનો સંચય ન કર; તે લક્ષ્મી વગેરેનો મોહ ઘટાડ; ને તેને માટે જીવનને પાપમાં ન વેડફી દેતાં તું આત્મહિતના ઉદ્યમમાં લાગી જા.


## સાધકની સાધનાધાર



### જૈનધર્મની શ્રદ્ધા અને પ્રચાર

વીતરાગના પરમ ભક્ત ગુરુદેવ કહે છે કે—'જૈનધર્મ એ કોઈ વાડો નથી. એ તો વિશ્વધર્મ છે. જૈનધર્મનો મેળ અન્ય કોઈ ધર્મ સાથે છે જ નહિ. જૈનધર્મનો ને અન્ય ધર્મોનો સમન્વય કરવાનો પ્રયત્ન રેશમનો ને કંતાનનો સમન્વય કરવાના પ્રયત્ન જેવો વૃથા છે.' દિગંબર જૈનધર્મ તે જ વાસ્તવિક જૈનધર્મ છે અને આંતરિક તેમજ બાહ્ય દિગંબરતા વિના કોઈ જીવ મોક્ષ પામી શકે નહિ એમ તેમની દઢ માન્યતા છે. તેઓશ્રીની મારફત સમયસાર, પ્રવચનસાર, પંચાધ્યાયી, મોક્ષમાર્ગપ્રકાશક વગેરે અનેક દિગંબર પુસ્તકોનો ઘણો પ્રચાર થયો. ગુજરાત-સૌરાષ્ટ્રના અધ્યાત્મપ્રેમી મુમુક્ષુઓને ગુજરાતી ભાષામાં આધ્યાત્મિક સાહિત્ય સુલભ થયું. સૌરાષ્ટ્રમાં હજારો મુમુક્ષુઓ તેનો અભ્યાસ કરતા થયા. કેટલાક ગામોમાં પાંચ, દશ, પંદર મુમુક્ષુઓ ભેગા થઈને ગુરુદેવ પાસેથી ગ્રહણ કરેલા રહસ્ય અનુસાર સમયસારાદિ ઉત્તમ શાસ્ત્રોનું નિયમિત વાંચન-મનન કરતા થયા. આ રીતે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપાથી પરમ પવિત્ર શ્રુતામૃતના ધોરિયા સૌરાષ્ટ્રના ગામેગામમાં વહેવા લાગ્યા. અનેક સુપાત્ર જીવોએ જીવનોદકનું પાન કરી કૃતાર્થ થયા.

### ઉપદેશનો પ્રધાન સૂર



પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું મુખ્ય વજન સમજણ પર છે. 'તમે સમજો, સમજ્યા વિના બધું નકામું છે' એમ તેઓશ્રી વારંવાર કહે છે. પ્રવચન દરમ્યાન વારંવાર ''સમજાણું કાંઈ'' એમ કહેતા. 'કોઈ આત્મા જ્ઞાની કે અજ્ઞાની—એક પરમાણુમાત્રને હલાવવાનું સામર્થ્ય ધરાવતો નથી. તો પછી દેહાદિની ક્રિયા આત્માના હાથમાં ક્યાંથી હોય? અજ્ઞાની પરદ્રવ્યનો તથા રાગદ્વેષનો કર્તા થાય છે અને જ્ઞાની પોતાને શુદ્ધ અનુભવતો થકો તેમનો કર્તા થતો નથી. તે કર્તૃત્વબુદ્ધિ છોડવાનો મહાપુરુષાર્થ દરેક જીવે કરવાનો છે. તે કર્તૃત્વબુદ્ધિ જ્ઞાન વિના છૂટશે નહિ. માટે તમે જ્ઞાન કરો.'—આ તેઓશ્રીના ઉપદેશનો પ્રધાન સૂર છે.

## અંતર વિકાસ અને મુમુક્ષુઓ ઉપર પરમ ઉપકાર



પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું જીવન સોનગઢના વિશેષ નિવૃત્તિવાળા સ્થળમાં અદ્‌ભુત સૂક્ષ્મતાને પામ્યું; નવી નવી જ્ઞાનશૈલી સોનગઢમાં ખૂબ ખીલી. અમૃતકળશમાં જેમ અમૃત ઘોળાતાં હોય તેમ ગુરુદેવના પરમ પવિત્ર અમૃતકળશસ્વરૂપ આત્મામાં તીર્થંકરદેવના વચનામૃતો ખૂબ ઘોળાયાં--ઘૂંટાયાં. એ ઘૂંટાયેલા અમૃત કૃપાળુદેવ અનેક મુમુક્ષુઓને પીરસે છે ને ન્યાલ કરે છે. સમયસાર, પ્રવચનસાર વગેરે ગ્રંથો પર પ્રવચન કરતાં ગુરુદેવના શબ્દે શબ્દે એટલી ગહનતા, સૂક્ષ્મતા અને નવીનતા નીકળે છે કે તે શ્રોતાનોના ઉપયોગને પણ સૂક્ષ્મ બનાવે છે અને વિદ્વાનોને આશ્ચર્યચકિત કરે છે. જે અનંત આનંદમય ચૈતન્યઘન દશા પ્રાપ્ત કરીને તીર્થંકરદેવે શાસ્ત્રો પ્રરૂપ્યા. તે પરમ પવિત્રદશાનો સુધાસ્યંદી સ્વાનુભૂતિસ્વરૂપ પવિત્ર અંશ પોતાના આત્મામાં પ્રગટ કરીને સદ્‌ગુરુદેવશ્રીએ વિકસિત જ્ઞાનપર્યાય દ્વારા શાસ્ત્રમાં રહેલા ગહન રહસ્યો ઉકેલી મુમુક્ષુને સમજાવી અપાર ઉપકાર કર્યો છે.



## અધ્યાત્મ-રસથી ભરપૂર વ્યાખ્યાનશૈલી

ગુરુદેવશ્રી કહેવાની વાતનું એવી સ્પષ્ટતાથી, અનેક સાદા દાખલાઓ આપીને, શાસ્ત્રીય શબ્દોનો ઓછામાં ઓછો પ્રયોગ કરીને સમજાવે છે કે સામાન્ય મનુષ્ય પણ સહેલાઈથી સમજી જાય છે. અત્યંત ગહન વિષયને પણ અત્યંત સુગમ રીતે પ્રતિપાદિત કરવાની ગુરુદેવમાં વિશિષ્ટ શક્તિ છે. વળી ગુરુદેવશ્રીની વ્યાખ્યાનશૈલી એટલી રસમય છે કે જેમ સર્પ મોરલી પાછળ મુગ્ધ બને છે તેમ શ્રોતાઓ મંત્રમુગ્ધ બની જાય છે, સમય ક્યાં પસાર થઈ જાય છે તેનું ભાન પણ રહેતું નથી. સ્પષ્ટ અને રસમય હોવા ઉપરાંત ગુરુદેવશ્રીનું પ્રવચન શ્રોતાઓમાં અધ્યાત્મનો પ્રેમ ઉત્પન્ન કરે છે. ગુરુદેવશ્રી પ્રવચન કરતાં અધ્યાત્મમાં એવા તન્મય થઈ જાય છે, પરમાત્મદશા પ્રત્યેની એવી ભક્તિ તેમના મુખ પર દેખાય છે કે શ્રોતાઓ તેની અસર થયા વિના રહેતી નથી અને મુમુક્ષુઓનાં હૃદયો એ અધ્યાત્મરસથી ભીંજાઈ જાય છે.

(ક્રમશઃ) ❊



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—વ્રત–તપ–ત્યાગ કરવાથી આત્માના ઉપરની છાલ–મેલ નીકળી જાય છે ને?**

ઉત્તર :—ના, એ તો રાગ છે, એ વ્રત-તપ આદિના રાગને પોતાનો માનવો એ મિથ્યાત્વ છે; ગુન્હો છે, ભ્રમણા છે.

**પ્રશ્ન :—સાધારણ જીવોને એ વ્રતાદિ કરવા તો ઠીક છે ને!**

ઉત્તર :—સાધારણને પણ એ વ્રતાદિથી ધર્મ નથી, એનાથી જન્મ-મરણનો અંત આવતો નથી, તેમાં લાભ-બુદ્ધિથી જન્મ-મરણ વધે છે. ધર્મ તો એક માત્ર વીતરાગભાવ જ છે.

**પ્રશ્ન :—કઈ અપેક્ષાથી જ્ઞાન પણ બંધનું કારણ હોઈ શકે છે?**

ઉત્તર :—શાસ્ત્રજ્ઞાન તે પુણ્યબંધનું કારણ છે, સંસારનું જ્ઞાન તે પાપબંધનું કારણ છે અને આત્મજ્ઞાન તે ધર્મનું કારણ છે, શાસ્ત્રજ્ઞાન તે પુણ્યબંધનું કારણ છે પણ ક્યા શાસ્ત્ર?–કે સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રનું જ્ઞાન તે પુણ્યનું કારણ છે, અન્યના કહેલાં શાસ્ત્રોની વાત પણ નથી. શાસ્ત્રજ્ઞાન છે તેમાં શાસ્ત્ર નિમિત્ત છે તે પરલક્ષી છે તેથી તે નિષેધ્ય છે, આત્માનું જ્ઞાન તે નિશ્ચય છે. તેમ નવ તત્ત્વોની શ્રદ્ધામાં નવ તત્ત્વો નિમિત્ત છે, આત્મા નિમિત્ત નથી તેથી તે ભેદવાળી શ્રદ્ધા રાગ છે, વ્યવહાર છે, તે વ્યવહાર શ્રદ્ધા અભવીને પણ હોય પણ તેને આત્માની શ્રદ્ધા નથી. છ જીવ નિકાયની દયાનો વિકલ્પ છે તે શુભરાગ છે–એવું હોવા છતાં નિશ્ચયચારિત્ર ન હોય કેમ કે નિશ્ચયચારિત્ર સ્વના આશ્રયે હોય છે અને તેની સાથે વ્યવહારચારિત્રનો વિકલ્પ હોય પણ અને ન પણ હોય.

**પ્રશ્ન :—એકમાત્ર અધ્યવસાન જ બંધનું કારણ છે; બાહ્ય વસ્તુ બંધનું કારણ છે એમ નથી, તો શું બાહ્યવસ્તુ વિના બંધ થાય છે?**

ઉત્તર :—શુભ-અશુભરૂપ અધ્યવસાન એક જ બંધનું કારણ છે, બાહ્યવસ્તુ પણ બંધનું કારણ છે એમ નથી. પુણ્ય-પાપ ભાવોમાં એકત્વબુદ્ધિરૂપ જે અધ્યવસાન છે તે જ એક બંધનું કારણ છે. બાહ્યવસ્તુ અધ્યવસાન થવાનું કારણ–નિમિત્ત થાય છે. બાહ્યવસ્તુનો આશ્રય કરીને અધ્યવસાન થાય છે પણ તે બાહ્યવસ્તુ બંધનું કારણ થતી નથી. સમ્યગ્દષ્ટિ

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્મને,**
**તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫.**

ચક્રવર્તીને છન્નુ કરોડ પાયદળ ને છન્નુ હજાર રાણીઓ આદિ બાહ્ય વૈભવો છે તે બંધનું કારણ નથી. બંધનું કારણ તો એક અધ્યવસાન જ છે. બાહ્યવસ્તુ બિલકુલ બંધનું કારણ નથી. જો બાહ્યવસ્તુ બંધનું કારણ થતી હોય તો સમ્યગ્દષ્ટિ ચક્રવર્તી તીર્થંકરો આદિને ઘણી અનુકૂળ સામગ્રીઓ હોય છે પણ તેમને અધ્યવસાન નથી, તેથી તે બાહ્ય સામગ્રી બંધનું કારણ થતી નથી. અધ્યવસાન એક જ બંધનું કારણ ને સંસારની જડ (—મૂળ) છે. તેનાથી જ નરક-નિગોદ આદિ ચોરાશીના અવતાર થાય છે.

પ્રશ્ન :—બાહ્યવસ્તુ બંધનું કારણ નથી તો શાસ્ત્રોમાં બાહ્યવસ્તુ ત્યાગ કરવાનો ઉપદેશ કેમ આવે છે?

ઉત્તર :—બાહ્યવસ્તુ બંધનું કારણ તો છે જ નહિ, કેમ કે બાહ્યવસ્તુ પોતાના દ્રવ્ય-ગુણમાં તો છે જ નહિ અને પર્યાયમાં પણ બાહ્યવસ્તુનો અભાવ છે. તેથી તે બંધનું કારણ છે જ નહિ. તોપણ બાહ્યવસ્તુના આશ્રયે જ અધ્યવસાન થતા હોવાથી બાહ્યવસ્તુને બંધના કારણનું કારણ જાણી બાહ્ય વસ્તુના ત્યાગનો ઉપદેશ આપવામાં આવે છે. કેમ કે બાહ્યવસ્તુના આશ્રય વિના અધ્યવસાન થઈ શકતા નથી.

પ્રશ્ન :—સંસારનો થાક લાગવાનો ઉપાય શું?

ઉત્તર :—સંસારમાં શુભાશુભ ભાવો છે તે દુઃખરૂપ છે, એના ફળમાં ચાર ગતિ મળે છે, તેમાં અનેક પ્રકારનાં દુઃખો ને આકુળતા છે એમ એને અંદરથી લાગવું જોઈએ. શુભાશુભભાવ દુઃખરૂપ જ છે એમ લાગે તો સંસારનો થાક લાગે.

પ્રશ્ન :—શું શરીરના રોગ મટાડવાનું કાર્ય ધર્મનું નથી?

ઉત્તર :—શરીરના રોગ મટાડવાનું કાર્ય ધર્મનું નથી. પૂર્વનાં પુણ્ય હોય ત્યારે શરીર નિરોગી થાય છે; ધર્મના ફળથી શરીરનો રોગ મટે એમ માનનાર ધર્મના સ્વરૂપને સમજ્યો જ નથી; પુણ્ય શુભપરિણામથી થાય અને ધર્મ આત્માનો શુદ્ધસ્વભાવ પ્રગટ કરવાથી થાય, તેની તેને ખબર નથી. સનતકુમાર ચક્રવર્તીએ દીક્ષા લીધા બાદ તે મહાન ધર્માત્મા મુનિને ઘણા વર્ષો સુધી શરીરમાં તીવ્ર રોગ રહ્યો, છતાં શરીર ઉપર ધર્મની અસર કંઈ પણ ન થઈ. ધર્મથી શરીર નીરોગી રહે તેમ નહિ, પણ ધર્મના ફળમાં તો આત્મામાં અપૂર્વ આનંદનો અનુભવ પ્રગટે ને પુણ્ય અને શરીર વગેરેનો સંબંધ જ ન થાય. મોક્ષમાર્ગમાં પુણ્યનો પણ નિષેધ છે; તેને બદલે અત્યારે તો ધર્મના નામે લોકો ફાવે તેમ હાંક્યે રાખે છે; અને કહે છે કે પુણ્ય કરો, તેનાથી મનુષ્ય-દેવનાં શરીર મળશે અને પછી પરંપરાએ મોક્ષ થશે. આત્માની સમજણ કરવાની તો ક્યાંય વાત જ ન આવી. (ક્રમશઃ) ❋

દર્શન, વળી નિત જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં;
પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચયદષ્ટિમાં. ૧૬.



## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન* :—**ઉદય આવે ત્યારે શું કરવું?

**સમાધાન :—**ઉદય આગળ કોઈ ઉપાય નથી. (ઉદયને કોઈ ટાળી શકતું નથી.) માટે શાંતિ રાખવી, સમાધાન કરવું.

મુનિને રોગ થયો. દેવે કહ્યું, તમારો રોગ મટાડી દઉં. તો મુનિરાજ કહે કે જે ઉદય આવવાનો હોય તે ભલે આવે. સનતકુમાર ચક્રવર્તી મુનિદશામાં આત્માની સાધના કરતા હતા ત્યારે તેમની જેવાને પણ રોગ આવ્યો હતો. તો, આ પંચમકાળના જીવો તો શું હિસાબમાં? ઉદય આવે તેનો કોઈ ઉપાય નથી. એક જ ભાવના રાખવી કે મારે એક આત્મા જ જોઈએ છે. જન્મ-મરણ કરતાં કરતાં અનંત ભવ કર્યા. હવે ભવનો અભાવ થાય એવી ભાવના કરવી. ચોથા કાળમાં પણ રોગ આવતા હતા. માટે ઉદય સામું જોવાનું છોડી દઈને પોતાના આત્માની સાધના કરી લેવી.

***પ્રશ્ન* :—**આવો યોગ મળવા છતાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ અને દેહ છૂટી ગયો તો જીવ ખોવાઈ જાય એવું બને ખરું?

**સમાધાન :—**સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય, છતાં જો ચૈતન્યની ઊંડી ભાવના હોય અને પોતાને યથાર્થ લગની ઊંડાણથી લાગી હોય તો, જીવ ગમે ત્યાં જાય તો પણ, પુરુષાર્થ થઈ શકે તેવો અવકાશ રહે છે. પરંતુ જો ઊંડા સંસ્કાર ન હોય તો તે ભૂંસાઈ જાય છે. ઊંડા સંસ્કાર અને તીવ્ર ભાવના હોય કે મારે આત્મા જ જોઈએ છે તો જીવ ગમે ત્યાં જાય તો પણ, પુરુષાર્થ પ્રગટ કરવાનો અવકાશ રહે છે.

***પ્રશ્ન* :—**ઊંડા સંસ્કાર કોને કહીએ?

**સમાધાન :—**એક જ્ઞાયક જ મારે જોઈએ છે, બીજું કાંઈ મારે જોઈતું નથી એવી તીવ્ર ભાવના રહ્યા કરતી હોય તે ઊંડા સંસ્કાર છે. આનંદનું ધામ, એવો એક જ્ઞાયક આત્મા જ જોઈએ છે, વિકલ્પ આદિ કાંઈ જોઈતું નથી. એવી ઊંડી રુચિ જો અંતરમાં હોય, એટલે કે જ્ઞાયક વગર ચેન ન પડતું હોય તો ગમે ત્યાં સંસ્કાર સ્ફુર્યા વગર રહેતા નથી. એવા જીવને બહારનાં સાધનો મળી આવે છે, અને તેનો પુરુષાર્થ પોતાથી જાગી ઊઠે છે.

**જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,**
**પછી યત્નથી ધન-અર્થી એ અનુચરણ નૃપતિનું કરે; ૧૭.**

*પ્રશ્ન* :—એવા સંસ્કાર લઈને જીવ બીજી ગતિમાં જાય તો નિમિત્તો મળે ખરાં ?

**સમાધાન** :—નિમિત્તો મળી જાય. પોતાની ભાવના પ્રમાણે જગત તૈયાર જ હોય છે. ભાવના ઊંડી ન હોય તો વાત જુદી છે, પણ પોતાની ભાવના ઊંડી હોય તો નિમિત્તો તૈયાર હોય જ છે.

*પ્રશ્ન* :—અમુક અપેક્ષાએ દ્રવ્યથી પર્યાયની ભિન્નતા બતાવે છે એટલે સમજવામાં મૂંઝવણ થાય છે!

**સમાધાન** :—અપેક્ષા સમજી લેવી, તેમાં કાંઈ મૂંઝવણ નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકવાથી મુક્તિનો માર્ગ શરૂ થાય છે. ભેદજ્ઞાન થવાથી અર્થાત્ સ્વમાં એકત્વ અને પરથી વિભક્ત તેવી ચૈતન્ય પરિણતિની ધારા પ્રગટ કરવાથી મુક્તિનો માર્ગ પ્રગટ થાય છે. શુભાશુભ વિકલ્પ તે હું નથી, હું તેનાથી જુદો છું, હું તો ચૈતન્ય તત્ત્વ છું, એક ક્ષણ પૂરતો હું નથી, હું શાશ્વત દ્રવ્ય છું—આવી દ્રવ્યદૃષ્ટિમાં ગુણના ભેદ કે પર્યાયના ભેદ પણ આવતા નથી. જ્ઞાન બધું જાણે છે અને દૃષ્ટિ દ્રવ્યને વિષય કરે છે ત્યારે પરિણતિ સ્વ તરફ ઢળે છે. વિકલ્પ તોડીને સ્વાનુભૂતિ થાય–નિર્વિકલ્પ દશા થાય – તે મુક્તિનો માર્ગ છે. તેમાં મૂંઝવણનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી.

આ કઈ અપેક્ષાએ કહે છે તે જ્ઞાનમાં સમજી, દૃષ્ટિને મુખ્ય કરી, પર્યાયમાં શુદ્ધતા પ્રગટ કરવી તે જ મુક્તિનો માર્ગ છે.

*પ્રશ્ન* :—જુદાં જુદાં વિરોધાભાસી વચનો જોઈ અસમાધાન–મૂંઝવણ થાય છે.

**સમાધાન** :—અપેક્ષા સમજાતી નથી એટલે ક્યાં કઈ અપેક્ષા (છે અને કોને) મુખ્ય કરવી અને કઈ અપેક્ષા ગૌણ કરવી તે સમજાતું નથી, તેથી અપેક્ષામાં ને અપેક્ષામાં રોકાઈ જાય છે, પણ મુક્તિનો માર્ગ દ્રવ્યદૃષ્ટિથી થાય છે. મુક્તિના માર્ગે જવું હોય તો એમાં ને એમાં ગોથાં ખાવા કરતાં અપેક્ષા સમજી લેવી. આ અપેક્ષાએ ભિન્નતા કહી છે તે સમજીને સમાધાન કરવું. કોની મુખ્યતા ને કોની ગૌણતા કરવી અને શું આશય છે – તે એકાન્ત નહિ પકડતાં, શું વસ્તુસ્વરૂપ છે તે સમજી લેવું.

ચૈતન્ય દ્રવ્ય સામાન્ય છે તેમાં ગુણના ભેદ કે પર્યાયના ભેદ દૃષ્ટિ સ્વીકારતી નથી. જ્ઞાન બધું જાણે છે. દ્રવ્યમાં અનંત ગુણ છે, દ્રવ્ય-ગુણ-પર્યાયથી ભરેલું તત્ત્વ છે. તેને ઓળખી લેવું ને દૃષ્ટિ એક સામાન્ય ઉપર કરવી. વિકલ્પ તોડીને, શુભાશુભ વિકલ્પજાળથી જુદું નિર્વિકલ્પ તત્ત્વ છે તેને ઓળખીને સ્વાનુભૂતિના માર્ગે જવું.


**જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,**
**એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮.**

## બાળ વિભાગ

# રાગથી વૈરાગ્ય તરફ

ભગવાન ઋષભદેવના ઈક્ષ્વાકુવંશમાં, ઋષભદેવથી માંડીને મુનિસુવ્રત તીર્થંકર સુધીના લાંબાકાળમાં અસંખ્ય રાજાઓ મુનિ થઈને મોક્ષગામી થયા. તેમાં મલ્લિનાથ ભગવાનના મોક્ષગમન પછી અયોધ્યા નગરીમાં વિજય નામના રાજા થયા, તેમના પૌત્ર વજ્રબાહુકુમારના લગ્ન હસ્તિનાપુરની રાજપુત્રી મનોદયા સાથે થયા. લગ્ન પછી થોડા જ દિવસમાં કન્યાનો ભાઈ ઉદયસુંદર પોતાની બહેનને તેડવા આવ્યો. જ્યારે મનોદયા તેની સાથે પિયર જવા લાગી; ત્યારે વજ્રબાહુકુમાર પણ મનોદયા પ્રત્યે તીવ્ર પ્રેમને લીધે તેની સાથે જ સાસરે જવા લાગ્યો.

ઉદયસુંદર, મનોદયા, વજ્રબાહુ વગેરે સૌ આનંદ કરતાં કરતાં અયોધ્યાથી હસ્તિનાપુર તરફ જઈ રહ્યા છે. તેમની સાથે તેમના ૨૬ રાજકુમાર મિત્રો તેમજ તેમની અનેક રાણીઓ છે. પહાડો અને વનોની રમણીય શોભા જોતાં જોતાં સૌ ચાલ્યા જાય છે. ત્યાં યુવાન રાજકુમાર વજ્રબાહુની નજર એકાએક થંભી ગઈ... તેઓ વિચાર કરવા લાગ્યા—



અરે, દૂર આ કાંઈક અદ્ભુત શોભા દેખાય છે તે શેની છે ? એ તે કોઈ ઝાડનું થડ છે ? સોનાનો થાંભલો છે ? કે કોઈ મનુષ્ય છે ? જરા નજીક જઈને જોયું ત્યાં તો કુમાર આશ્ચર્ય પામી ગયા. અહા ! નગ્ન દિગંબર મુનિરાજ ધ્યાનમાં ઊભા છે...મીંચેલી આંખ ને લટકતા હાથ, દુનિયાને ભૂલીને આત્મામાં ઊંડે ઊંડે ઊતરીને કોઈ અદ્ભુત મોક્ષસુખને વેદી રહ્યા છે.....જાણે શાંતરસના દરિયામાં મશગુલ છે ! શરીર તપ વડે દૂબળું છે, તોપણ ચૈતન્યના તેજનો પ્રતાપ સર્વાંગે ઝળકી રહ્યો છે....હરણ અને સર્પ શાંત થઈને તેમની નજીક બેઠા છે. અરે, એમની શાંતમુદ્રા વનનાં પશુઓને પણ એવી વહાલી લાગે છે કે તેઓ પણ શાંત થઈને બેસી ગયાં છે.

તે મુનિને દેખીને કુમાર વજ્રબાહુ વિચારે છે કે—"વાહ રે વાહ ! ધન્ય છે

મુનિરાજનું જીવન ! તેઓ આનંદથી મોક્ષને સાધી રહ્યા છે અને હું તો સંસારના કીચડમાં ફસાયો છું, ને વિષયભોગોમાં ડૂબી રહ્યો છું, આ ભોગોથી છૂટીને હું પણ આવી યોગદશા ધારણ કરીશ, ત્યારે જ મારો જન્મ કૃતાર્થ થશે. અત્યારે તો, સમ્યક્ આત્મભાન હોવા છતાં, જેમ કોઈ ચંદનવૃક્ષ ઝેરી સર્પથી લપેટાયેલું હોય–તેમ હું વિષયભોગોના પાપોથી ઘેરાઈ રહ્યો છું. જેમ કોઈ મૂર્ખ પહાડના શિખર ઉપર ચડીને ઊંઘે....તેમ હું પાંચ ઈન્દ્રિયના ભોગરૂપી પર્વતના ભયંકર શિખર પર સૂતો છું, હાય ! હાય ! મારું શું થશે ? ધિક્કાર છે....ભવભ્રમણ કરાવનારા આ ભોગોને ! અરે, એક સ્ત્રીમાં આસક્ત થઈને મોક્ષસુંદરીને સાધવામાં હું પ્રમાદી થઈ રહ્યો છું....પણ ક્ષણભંગુર જીવનનો શો ભરોસો. મારે તો હવે પ્રમાદ છોડીને આવી મુનિદશા ધારણ કરીને મોક્ષસાધનામાં લાગી જવું જોઈએ....''

આવા વૈરાગ્યના વિચાર કરતાં કરતાં વજ્રબાહુની નજર તો મુનિરાજ ઉપર થંભી ગઈ છે. મુનિ બનવાની ભાવનામાં એવા લીન થઈ ગયા છે કે આસપાસ ઉદયસુંદર અને મનોદયા ઊભાં છે તેનોય ખ્યાલ ન રહ્યો. બસ ! એકીટસે મુનિરાજ તરફ જોઈ જ રહ્યા છે....ને તેમના જેવા બનવાની ભાવના ભાવી રહ્યા છે.

આ દેખીને, તેના સાળા ઉદયસુંદરે હાસ્યપૂર્વક મશ્કરી કરતાં કહ્યું–''અરે કુંવરજી ! આમ નિશ્ચલ મુનિરાજ તરફ શું જોઈ રહ્યા છો ?–તમે પણ એવી મુનિદીક્ષા ધારણ કેમ કરી લેતા નથી ?''

વજ્રબાહુને તો 'ભાવતુતું ને વૈદે બતાવ્યું !' તેણે તરત જ કહ્યું–''વાહ ભાઈ વાહ ! તમે બહુ મજાની વાત કરી; મારા મનમાં જે ભાવ હતા તે જ તમે પ્રગટ કર્યા; હવે તમારા ભાવ શું છે–તે પણ કહો.''

ઉદયસુંદરે તો તે વાતને મશ્કરી સમજીને કહ્યું : ''કુંવરજી ! જેવા તમારા ભાવ, તેવા જ મારા ભાવ ! જો તમે મુનિ થતા હો તો હું પણ તમારી સાથે મુનિ થઈ જવા તૈયાર છું;–જો–જો, તમે ફરી ન જતા !''

(ઉદયસુંદર તો મનમાં હજી એમ જ સમજે છે કે વજ્રબાહુને તો મનોદયા પ્રત્યે તીવ્ર રાગ છે,–એ શું દીક્ષા લેવાના હતા ! એટલે તેણે હાસ્યમાં ને હાસ્યમાં ઉપર પ્રમાણે બોલી નાખ્યું....અથવા 'શુકનથી શબ્દ આગળા' એ ઉક્તિ–અનુસાર વજ્રબાહુના ઉત્તમ ભવિતવ્યથી પ્રેરાઈને તેને વૈરાગ્ય જગાડવામાં શબ્દો નિમિત્તપણે આવી ગયા....)

ઉદયસુંદરની વાત સાંભળતાં જ નિકટભવ્ય મુમુક્ષુ વીર વજ્રબાહુકુમારના મુખમાંથી વજ્રવાણી નીકળી : ''બસ ત્યારે હું તૈયાર છું'.....અત્યારે જ હું આ મુનિરાજની સમીપમાં જઈને મુનિદીક્ષા અંગીકાર કરીશ. આ સંસાર અને ભોગોથી ઉદાસ થઈને મારું

ચિત્ત હવે મોક્ષમાં ચોંટ્યું છે.....સંસાર કે સંસાર તરફના ભાવ હવે સ્વપ્નેય મારે જોઈતા નથી....હું તો હવે મુનિ થઈશ ને અહીં વનમાં જ રહીને મોક્ષને સાધીશ.''

પર્વત ઉપર વજ્ર પડે તેમ વજ્રબાહુકુમારના શબ્દો સાંભળતાં જ ઉદયસુંદર ઉપર જાણે વજ્ર પડ્યું ! તે તો ડઘાઈ જ ગયો !—અરે આ શું થયું ?



વજ્રબાહુ તો મક્કમ ચિત્તે હાથી ઉપરથી નીચે ઊતર્યો ને વિવાહના વસ્ત્રાભૂષણ ઊતારીને વૈરાગ્યપૂર્વક મુનિરાજ તરફ જવા લાગ્યો.

મનોદયાએ કહ્યું : ''અરે સ્વામી ! આ શું કરો છો ?''

ઉદયસુંદરે પણ આંસુભીની આંખે કહ્યું – ''અરે કુંવરજી ! મેં તો હસતાં-હસતાં મશ્કરીમાં કહ્યું હતું; તેમાં તમે આ શું કરી રહ્યા છો ? હાસ્ય કરવામાં મારી ભૂલ થઈ હોય તો મને ક્ષમા કરો ! તમે દીક્ષા ન લ્યો....''

ત્યારે વૈરાગી વજ્રકુમાર મધુર શબ્દોથી કહેવા લાગ્યા : ''હે ઉદયસુંદર ! તમે તો મારા કલ્યાણનું કારણ બન્યા છો. મને જગાડીને તમે તો મારા ઉપર મહાન ઉપકાર જ કર્યો છે માટે મોહ છોડો. વિકલ્પ છોડો. હું તો સંસારમાં કૂવામાં પડ્યો હતો, તેમાંથી તમે તો મને બચાવ્યો, તમે મારા સાચા મિત્ર છો ને તમે પણ આ જ માર્ગે મારી સાથે ચાલો.

વૈરાગી વજ્રકુમાર બોલી રહ્યાં છે : જીવ જન્મ-મરણ કરતો-કરતો અનાદિથી સંસારમાં ભમી રહ્યો છે, સ્વર્ગના દિવ્ય વિષયોમાં પણ તેને ક્યાંય સુખ મળ્યું નથી, તો બીજા વિષયોની શી વાત ? આ સંસાર, શરીર ને ભોગો—બધું ક્ષણભંગુર છે. વીજળીના ઝબકારા જેવું જીવન, તેમાં આત્મહિત ન કર્યું તો આ અવસર ચાલ્યો જશે. વિવેકી પુરુષોએ સ્વપ્ના જેવા આ સંસારસુખોમાં મોહિત થવું યોગ્ય નથી. મિત્ર ! તમારી મશ્કરી પણ મને તો કલ્યાણનું જ કારણ થઈ છે. હસતાં—હસતાં પણ ઉત્તમ ઔષધિ પીવાથી શું તે રોગને નથી હરતી ? હરે જ છે, તેમ હસતાં-હસતાં પણ તમે જે મુનિદશાની વાત કરી તો તે મુનિદશા ભવરોગને હરનારી ને આત્મકલ્યાણ કરનારી છે. માટે હું જરૂર મુનિદશા અંગીકાર કરીશ. તમારી જેવી ઈચ્છા હોય તેમ તમે કરો.''

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૧ ઉપર)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ : પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

બપોરે ૩-૧૫ થી ૪-૧૫ : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

બપોરે ૪-૧૫ થી ૪-૪૫ : શ્રી જિનેન્દ્ર ભક્તિ

રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ : શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

---

### અખિલ ગુજરાત શ્રી કુંદકુંદ કહાન પ્રભાવક યુવા મંડળ દ્વારા અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિવિધ આનંદોલ્લાસથી ઊજવાયેલ

## પરમ ઉપકારી કહાન ગુરુદેવનો મહામંગલકારી ૧૩૩મો જન્મ મહોત્સવ

### પંચાહ્નિક આયોજન

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિવ્યધ્વનિથી પ્રસૂત તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રવાહિત સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૩૩મો આનંદકારી વાર્ષિક મંગલ જન્મોત્સવ, તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢમાં) તા. ૨૮-૪-૨૦૨૨ થી તા. ૨-૫-૨૦૨૨ સુધી પંચાહ્નિક, ગુરુ-મહિમાદ્યોતક સમારોહપૂર્વક અખિલ ગુજરાત શ્રી કુંદકુંદ કહાન પ્રભાવક યુવા મંડળ દ્વારા ઊજવવામાં આવ્યો હતો.

### શ્રી ત્રિલોક અકૃત્રિમ જિનાલય પૂજાનું આયોજન

આ ઉત્સવમાં શ્રી ત્રિલોક અકૃત્રિમ જિનાલય પૂજાનું ઈશાન દિશામાં પરમાગમ મંદિર પાછળ પૂજન મંડપનું આયોજન થયું હતું. તેમાં ત્રિલોકનું માંડલું તૈયાર કરવામાં આવ્યું હતું તેમાં ત્રિલોકમાં આવતા જિનાલયો દર્શાવવામાં આવ્યા હતા તથા ત્રિલોકનો નકશો તથા તે સંબંધિત લખાણ પણ માંડલાની બાજુમાં મૂકવામાં આવેલ હતું. તથા ધાતકી વિદેહના ભાવી તીર્થંકરને વિધિવિધાન અધ્યક્ષતામાં શ્રી ત્રિલોક અકૃત્રિમ જિનાલય પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

ભવ્ય સજાવટોથી વિભૂષિત મનોહર ડોમ મંડપમાં ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા રાખવામાં આવી હતી. પૂજ્ય

ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર પ્રવચન, પ્રાસંગિક—ગુરુભક્તિ, બહેનશ્રીની ચર્ચા, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પ્રવચનસાર ઉપર પ્રવચન, વિદ્વાન પંડિતો દ્વારા જિનેન્દ્રભક્તિ તથા સાંજીભક્તિ, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર સીડી પ્રવચન, તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલ હતા. જેમાં પ્રથમ દિવસે અમદાવાદ અને સોનગઢના બાળકો તથા મહિલાઓ, બીજા દિવસે રાજકોટ અને ઘાટકોપર ત્રીજા દિવસે પંચ મુમુક્ષુ સંઘ (સુરેન્દ્રનગર, લીંબડી, જોરાવરનગર, વઢવાણ) અને સુરત મંડળ, ચોથા દિવસે જામનગર મુમુક્ષુ મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં આયોજક મંડળોએ દ્વારા ઘણી મહેનત કરી અતિ સુંદર અને રોચક રીતે પ્રસ્તુત કર્યા હતા.

આ ઉત્સવના ચોથા દિવસે વહેલી સવારે પાંચ વાગ્યે પૂજ્ય ગુરુદેવશ્રીને સમયસારની પ્રાપ્તિ તથા તેમનું સુવર્ણપુરી સંકુલમાં આગમન દર્શાવતું અત્યાધુનિક ટેકનોલોજી દ્વારા રજૂ કરવામાં આવેલ. જે જોઈને મુમુક્ષુઓ ઘણા પ્રમુદિત થયા હતા. આ ઉપરાંત થ્રીડી વિવિધ રંગોળીઓ અને નાના બાળકો માટે ગેમ જોનનું પણ આયોજન થયું હતું. ઉત્સવના ચોથા દિવસે 'બોલતું સમયસાર'નું ભવ્ય ઓપનિંગ થયું હતું.

## ભવ્ય રથોત્સવ તથા કહાનકુંવર—પારણાઝૂલન

વાર્ષિક ગુરુ—જન્મોત્સવના હર્ષોપલક્ષમાં તા. ૧-૫-૨૦૨૨ના દિવસે સવારે 'ધાતકી-વિદેહના ભાવિ-તીર્થંકરદેવ'ના રથોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રથયાત્રામાં વિભિન્ન અનેક સજાવટ સાથે 'કહાનકુંવરના પારણાઝુલન'નો અતિ મનોહર ફ્લોટ બધાનું ગુરુભક્તિભીનું ચિત્ત પોતાની તરફ કેન્દ્રિત કરતો હતો.

ઉત્સવના ચાર દિવસ આયોજક પરિવાર દ્વારા, ભજનમંડળી તથા વિવિધ મંડળોના દ્વારા સાંજી ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમ પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પ્રસંગો તથા વિવિધ ભક્તિ નૃત્યગીતો સહ અત્યંત ભાવવાહી રીતે રજૂ કરવામાં આવ્યા હતા.

## ગુરુ-જન્મોત્સવ : વૈશાખી બીજનો કાર્યક્રમ

ગુરુ-જન્મ જયંતીના વાર્ષિક મંગલ દિવસે સવારે દેવશાસ્ત્રગુરુ દર્શન પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા. ત્યારબાદ ત્રિલોક અકૃત્રિમ જિનાલય પૂજા સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન થયું ત્યારબાદ પ્રાસંગિક જાહેરાતો થઈ પશ્ચાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ વધાઈનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રી દેવવિમાનમાં વાજતે-ગાજતે પધાર્યા હતા આ પ્રસંગને દ્વારા અતિ ભવ્ય રીતે રજૂ કરવામાં આવ્યો હતો. બાદમાં પૂજ્ય બહેનશ્રીની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના વધામણાંનું દશ્ય દર્શાવવામાં આવ્યું હતું. ત્યારબાદ અન્ય મુમુક્ષુઓએ ભક્તિ ઉલ્લાસ સહિત પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ વધામણા કર્યા.

કહાનગુરુ જન્મોત્સવના આ ઉત્સવને ભવ્ય અને અવિસ્મરણીય રીતે ઉજવવા માટે આયોજક અખિલ ગુજરાત કુંદકુંદ કહાન પ્રભાવક યુવા મંડળના કાર્યકરોએ ઘણી જ જહેમત ઉઠાવી હતી. સમાગત મહેમાનોને આવાસ તથા ભોજનની વ્યવસ્થામાં સંતોષનો અનુભવ થયો હતો.

* * *

## વૈરાગ્ય સમાચાર :–

* આકોલા નિવાસી સ્વ. ગંભીરદાસ અમરચંદ ખારાનાં સુપુત્ર શ્રી શૈલેષકુમાર ગંભીરદાસ ખારા (ઉ.વ. ૬૭)નું તા. ૨૨-૧૨-૨૦૨૧ના રોજ શાંત પરિણામપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે.
* વિંછીયા નિવાસી (હાલ બોરીવલી) શ્રીમતી સવિતાબેન ચંદુલાલ ટોલીયા (ઉ.વ. ૯૩) તા. ૭-૧-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* અમદાવાદ-મણિનગર નિવાસી ચંદ્રકાંત નગીનદાસ શાહ તા. ૨૧-૧-૨૦૨૨ના રોજ શાંત પરિણામપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે.
* જામનગર નિવાસી આત્માર્થી ઝવેરચંદભાઈ છેડા (-તેઓ બ્ર. શોભનાબેનના પિતાશ્રી તથા જામનગર મંદિરના ભૂતપૂર્વ પ્રમુખ) (ઉ.વ. ૯૩) તા. ૧૨-૨-૨૦૨૨ના દેહ પરિવર્તન થયેલ છે.
* ગૌરઝામર (સાગર) નિવાસી સુધીરકુમાર ગોકુલચન્દ્ર જૈન (—તેઓ સોનગઢ નિવાસી રમેશચંદ્ર જૈન મંગલના સાળા)નું તા. ૨૫-૨-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* લલિતપુર નિવાસી શ્રીમતી શાંતિદેવી ચંપાલાલજી પટવારી (-તેઓ પં. રમેશભાઈ મંગલના માતુશ્રી) (ઉ.વ. ૧૦૧) તા. ૨૫-૩-૨૦૨૨ના રોજ ણમોકાર અને સમાધિમરણ સાંભળતા દેહપરિવર્તન થયેલ છે.
* અમદાવાદ નિવાસી નીતાબેન દીપકભાઈ શાહ (ઉ.વ. .....)નું તા. ૩૧-૩-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* રાજકોટ નિવાસી દુષ્યંતકુમાર અતુલભાઈ ઘીયા (ઉ.વ. ૩૯) તા. ૩-૪-૨૦૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે.
* સોનગઢ નિવાસી (હાલ ભાવનગર) સ્વ. વાસુદેવભાઈ દામાણીના ધર્મપત્ની શ્રી મંછાબેન (ઉ.વ. ૯૨) તા. ૯-૫-૨૦૨૨ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* કલકત્તા નિવાસી સોનગઢના મુમુક્ષુ સ્વ. અનીલકુમાર જાદવજીભાઈ શાહ (ટીમ્બડિયા)ના ધર્મપત્ની જ્યોતિબેન (ઉ.વ. ૭૫)નું તા. ૧૭-૫-૨૦૨૨ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* સાગર (હીરાપુર) નિવાસી (હાલ સોનગઢ) શ્રી મહેન્દ્રકુમારજી જૈન (—સચિનજીના પિતાશ્રી) તા. ૧૯-૦૫-૨૦૨૨ ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

---

(અનુસંધાન પેજ નં. ૨૮ થી ચાલુ) (વજ્રબાહુનો વૈરાગ્ય)

ઉદયસુંદર સમજી ગયો કે હવે વજ્રબાહુકુમારને રોકવાનું મુશ્કેલ છે....હવે તે દીક્ષા જ લેશે. છતાં મનોદયાના પ્રેમને લીધે કદાચ તે રોકાય—એમ ધારીને તેણે છેલ્લી દલીલ કરી : "હે કુમાર ! આ મનોદયા ખાતર પણ તમે રોકાઈ જાઓ. તમારા વગર મારી બહેન અનાથ થઈ જશે. માટે તેના પર કૃપા કરીને આપ રોકાઈ જાઓ—હમણાં દીક્ષા ન લ્યો."

(ક્રમશઃ) ❊

## (૧૦૬)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા પૂરો)

(૧) આચાર્ય કુંદકુંદસ્વામીને જન્મ આપનાર તેમના માતાનું નામ ............. હતું.

(૨) ૨૪ તીર્થંકરોમાંથી 'અ'થી શરૂ થતા (૧) .................. (૨) ................. (૩) ..................... (૪) ................. (૫) ......................

(૩) ............... ના શીલના પ્રભાવથી અગ્નિકુંડ જલકુંડમાં ફેરવાઈ ગયો હતો.

(૪) જે સર્વજ્ઞ છે અને ઉપદેશ આપે છે તે જીવ ................ ગુણસ્થાને હોય છે.

(૫) ૨૪ તીર્થંકર ભગવાનના નામના સાથે 'ભ' આવતા ભગવાન (૧) ............. (૨) ................ (૩)............... (૪)............... (૫) ............... છે

(૬) આ દુનિયા ઈશ્વરે બનાવી છે એમ માનનાર જીવ ............... ગુણસ્થાને હોય છે.

(૭) જેને ચારિત્રમોહ પણ નથી અને સર્વજ્ઞ પણ નથી તે જીવ ................. ગુણસ્થાને હોય છે.

(૮) અરૂપી વસ્તુઓ પણ જ્ઞાનમાં જણાય છે કેમકે તેમનામાં ............... ગુણ છે.

(૯) આત્માની અજ્ઞાનદશા ટાળીને જ્ઞાનદશા પ્રગટ કરી શકાય છે કેમકે તેનામાં ................... ગુણ છે.

(૧૦) આત્મા બધા પદાર્થોને જાણી શકે છે કારણ કે આત્મામાં ............... ગુણ છે.

(૧૧) શરીરમાં સુખ-દુઃખ થતા નથી કેમકે તે ................ છે.

(૧૨) લોકાકાશની હદ બતાવનારા ............... અને ................ દ્રવ્યો છે.

(૧૩) સાંવ્યાહારિક પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે ભેદ ............... જ્ઞાનના છે.

(૧૪) ચૌદ પરિગ્રહમાં સૌથી પહેલો નંબર .................... નો આવે છે.

(૧૫) ણમોકાર મંત્રના અપમાનના ફળમાં .................. નરકમાં ગયા હતા.

(૧૬) ક્રિયાવતી શક્તિ ............... અને ............... દ્રવ્યમાં હોય છે.

(૧૭) ભગવાન આદિનાથના સમવસરણમાં મુખ્ય શ્રોતા ................... હતા.

(૧૮) ભોગભૂમિના જીવને ................... સંહનન હોય છે.

(૧૯) અઢીદ્વીપમાં કુલ .................... કર્મભૂમિઓ હોય છે.

(૨૦) ભારતમાં સૌથી વધુ તીર્થસ્થળ .................... પ્રાંતમાં છે.

## (૧૦૯)

# બાળકો માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા ભરો)

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની બીજી ઢાળમાંથી મળશે.)

(૧) આત્મા ............. અને શરીર ............. છે.

(૨) આત્માને ............ ............... ............ વગેરે અનંત અવયવો છે.

(૩) જે જીવ ............. ની પુષ્ટીથી સંસારમાં રખડે છે તે ................ થાય છે.

(૪) સ્વર્ગના પદાર્થો ભોગવવા તે પણ ................... ને ............... છે.

(૫) શુભ અશુભ બંનેથી પાર ............... ભાવનું વેદન તે જ ................. છે.

(૬) આત્માનું નિજરૂપ દેહ અને .................. બંનેથી જુદું ..............રૂપ છે.

(૭) રાગાદિ ભાવો .................. વગરના છે.

(૮) પુણ્ય અને પાપ બંને .................... નું જ કારણ છે.

(૯) રાગમાં ................. ની ભઠ્ઠી છે તેમાં .................... નથી.

(૧૦) મુમુક્ષુ જીવે પુણ્ય અને પાપ છોડી ............... માં લાગ્યા રહેવું.

(૧૧) વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ ............... બંધનું કારણ છે.

(૧૨) શુભરાગને મોક્ષનું કારણ માનવાથી ................ થાય.

(૧૩) ઉપયોગનું રાગમાં જોડાણ તે .................. અને ઉપયોગનું શુદ્ધ .............. માં જોડાણ તે ..............

(૧૪) સંતો કહે છે ............ નું સેવન છોડ અને તારા .................. સ્વરૂપનું સેવન કર.

(૧૫) અજ્ઞાની શુભરાગ ................. હોવા છતાં તેને સારો માનીને સેવે છે.

(૧૬) જ્ઞાન-વૈરાગ્ય તે ............... ભાવ અને .............. ને શુભ-અશુભ તે બંધ ભાવ.

(૧૭) ચારિત્રમાં મહાન ............... છે, ................ માં રમણતા તે ચારિત્ર છે.

(૧૮) ................ અમૃતનું ઝાડ છે તેનાં અનુભવમાં ................. છે.

(૧૯) જેને પુણ્યની ................. છે તેને ............. ની રુચિ નથી. તેને .......... ની રુચિ છે.

(૨૦) ધર્મીને .................. ના ................ નો ઉત્સાહ છે.

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન મે– ૨૦૨૨ના ઉત્તર

(૧) વિકારી – રાગાદિક
(૨) ટાળવાથી
(૩) પોતાના શુદ્ધ
(૪) સર્વ
(૫) શુદ્ધ
(૬) આત્મ
(૭) આસ્રવ લક્ષણ
(૮) અજ્ઞાની સંસારી
(૯) સમ્યક્‌દર્શન
(૧૦) સમ્યક્‌દર્શન
(૧૧) સમ્યક્‌દર્શન – મુનિપણું
(૧૨) અંતરાય
(૧૩) પ્રકૃતિ
(૧૪) નિઃશંકિત
(૧૫) ૧૩
(૧૬) ૪
(૧૭) કાલાણુ
(૧૮) કૃષ્ણ નીલ કાપોત
(૧૯) ચારે
(૨૦) ક્ષાયિક

## બાળકો માટેના આપેલ પ્રશ્ન મે – ૨૦૨૨ના ઉત્તર

(૧) રત્નત્રય, મોક્ષના
(૨) મોક્ષમાર્ગ
(૩) મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાન મિથ્યાચારિત્ર
(૪) સમ્યક્‌દર્શન-જ્ઞાન ચારિત્ર
(૫) જ્ઞાનરૂપ, સુખ
(૬) સિદ્ધ, સુખી
(૭) આત્મભ્રાંતિ
(૮) ભૂલ
(૯) ભૂલ-દુઃખ
(૧૦) અજ્ઞાનતા
(૧૧) કર્મો
(૧૨) નિગોદ, નવમી
(૧૩) નિગોદ
(૧૪) ઉપયોગ
(૧૫) પંચેન્દ્રિય, માંસાહાર
(૧૬) આનંદ
(૧૭) મોહ
(૧૮) અનંતા
(૧૯) મનુષ્ય
(૨૦) આઠ

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પર્યાય ગૌણ થઈ જાય તેનો અર્થ વીતરાગતાનો અનુભવ ગૌણ થઈ જાય છે એમ નહિ. ગૌણ થઈ એટલે વીતરાગતા પર્યાયમાં ન આવી કે વીતરાગતા પર્યાયમાં ન થઈ માટે ગૌણ થઈ ગઈ એમ નહિ. ફક્ત લક્ષની અપેક્ષાએ ગૌણ કહ્યું. વીતરાગી પર્યાયનું લક્ષ વીતરાગી પર્યાય ઉપર નથી, માટે ગૌણ કહ્યું. વીતરાગી પર્યાય થઈ તેના ઉપર લક્ષ નહિ પણ ધ્રુવ ઉપર લક્ષ છે. અપરિણામી એ પરિણામમાં આવતું નથી છતાં એ પરિણામમાં અપરિણામીનું જ્ઞાન ને વીતરાગતા આવે છે. ૫૧૩.

● ત્રિકાળી નાથની સત્તાનો સ્વીકાર વીતરાગભાવે થયો એ ભાવ ક્યાંય ચાલ્યો જતો નથી. અનુભવ તો અનુભવના વેદનમાં જ રહે છે. પરિણામને ગૌણ કહ્યું. એ તો લક્ષની અપેક્ષાએ ગૌણ કર્યું. અનુભવની અપેક્ષાએ ગૌણ નહિ. અનુભવની અપેક્ષાએ એ જ મુખ્ય છે કારણ કે દ્રવ્યનો અનુભવ થતો નથી. મારું વીતરાગી તત્ત્વ છે તેનું જ્યાં હું લક્ષ કરું છું. ત્યાં તો વીતરાગી દશા પ્રગટ થાય છે—એ જ મારે મુખ્ય છે. વેદનમાં આવે એ જ મારે મુખ્ય છે. લક્ષની અપેક્ષાએ ભલે ગૌણ કર્યું. પણ જે આ વેદન છે તેને ગૌણ કરીશ એ નહિ ચાલે. પૂર્ણાનંદના નાથને તેં જાણ્યો ને વેદનમાં આવ્યો એ વેદનને તું ગૌણ ન કરીશ હોં ! એ તો લક્ષ કરાવવાની અપેક્ષાએ તને ગૌણ કહ્યું પણ મુખ્ય તો એ જ છે. જે આનંદ પોતાને પ્રત્યક્ષ વેદાય એ મુખ્ય છે. ૫૧૪.


● ઉપયોગ નામનું લક્ષણ કહ્યું. કોનું લક્ષણ કહ્યું ?—કે જીવનું, આત્માનું. હવે આત્માનું જે લક્ષણ છે તે નિમિત્તને અવલંબને થાય એ લક્ષણ જ નથી. ભાઈ ! આ તો ધીરા થઈને સમજવાની વાત છે. આત્માનું લક્ષણ ઉપયોગ છે. લક્ષ આત્મદ્રવ્ય છે. હવે એ ઉપયોગ નામના લક્ષણ વડે જે લક્ષણ લક્ષને જાણે એવા લક્ષણમાં પરજ્ઞેયને જાણવાનું જે અવલંબન થાય તે ઉપયોગ જીવનો નહિ. ૫૧૫.

● કેટલાક લોકો હજી શુભરાગને મોક્ષમાર્ગ માને છે તેને કહે છે કે પ્રભુ ! તું ક્યાં ગયો ? શું કરે છે ? અહીં તો પરલક્ષવાળું જ્ઞાન એ જીવનું નહિ તો પરલક્ષવાળો રાગ છે તે જીવને લાભ કરે એ વાત તો ક્યાંય રહી ! અરે પ્રભુ શું કરે છે આ ! સાંભળવા મળ્યું નથી. અરે ! એની પ્રભુતા એની ચમત્કૃતિ શક્તિઓ ! અને ચમત્કૃતિ એની પર્યાયો ! ! એની એને ખબર નથી. આવો જે ભગવાન આત્મા તેની ઊંડપની શી વાત કરવી. પાતાળકૂવામાં જેમ પાણી ઊંડેથી ફાટીને બહાર આવે તેમ લક્ષના કારણથી જે જ્ઞાન ઉત્પન્ન થાય તે જ્ઞાનના પાતાળ કૂવામાંથી શેરડાં—ફૂવારા ફાટે છે. ૫૧૬.

આત્મધર્મ
જૂન-૨૦૨૨
અંક-૧૦ ● વર્ષ-૧૬

Posted at Songadh PO
Publish on 1-6-2022
Posted on 1-6-2022

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org